સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૬, જુલાઈ - ૨૦૧૪ / બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

## નૂતન હરિમંદિર
## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ
## સ્કેન્ટન (અમેરિકા)













પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ અમેરિકાના પેન્સિલવીલીયા રાજ્યના **સ્કેન્ટન** શહેરને આંગણે નૂતન હરિમંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ (તા. ૧૮ થી ૨૨-૬-૨૦૧૪)


















પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ અમેરિકાના પેન્સિલવીલીયા રાજ્યના સ્કેન્ટન શહેરને આંગણે નૂતન હરિમંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૮ થી ૨૨-૬-૨૦૧૪)




અમેરિકાના ઈલોનોઈસ રાજ્યના શિકાગો ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર પરિસરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ ત્રિદિનાત્મક તૃતીય 'નેશનલ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર' (તા. ૩ થી ૬-૭-૨૦૧૨)









કેનેડાના મારખમ અને ટોરેન્ટો વિસ્તારમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૨૭ થી ૨૯-૬-૨૦૧૪)






સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તથા
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શુભ સંકલ્પથી સંતો-પાર્ષદો માટે તૈયાર થયેલ 'ભજન કુટીર તથા સંગીત પાઠશાળા' નું
તા. ૧૦ જૂલાઈ ૨૦૧૪ના રોજ પૂ. સ્વામી તથા અગ્રગણ્ય હરિભક્તોના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.



# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૨ | અંક :- ૬ | તા. ૨૦-૦૭-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: લેખન / સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
E-mail :- sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષ: રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., • £ 125 U.K.


## અનુક્રમણિકા


૧ સંયમ-ત્યાગ અને તપસ્યાનું પર્વ ચાતુર્માસ ..... ૦૬
- સાધુ અમૃતસ્વરૂપદાસજી ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ ગુરુપૂર્ણિમા (અષાઢ સુદ પૂર્ણિમા) ..... ૧૨

૩ હિંડોળા ઉત્સવ (અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ) ..... ૨૦

૪ સત્સંગ સમાચાર પત્રિકા ..... ૨૩
સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૫ USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૪ ..... ૨૯
- સંકલિત

૬ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા ..... ૩૫
- સંકલિત



હમારા લક્ષ્ય ચેનલ પર
હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...
Online
www.lakshyatv.com

દિવ્ય અમૃતવાણી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦


છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦



# સંયમ-ત્યાગ અને તપસ્યાનું પર્વ ચાતુર્માસ

સાધુ અમૃતસ્વરૂપદાસજી ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'સુંદર ઋતુ સોહામણી, ને આવ્યો અષાઢ માસ;
વીજળડી ચમકા કરે, વાદળ છાયો આકાશ.
ઝરમર વરસે મેહુલો, ગરજે ગગન ઘનઘોર;
કોયલડી ટહુકા કરે, મધુરા બોલે મોર.'

પવિત્ર અષાઢ માસની આલબેલ પૃથ્વીવાસી પોકારે તે પહેલાં પ્રકૃતિ જાણે તે લહાવો લૂંટી લે છે. ગગને મંડાયેલ મેઘ છડી પોકારતો હોય એમ અષાઢની પધરામણી ટાણે ગર્જી ઊઠે છે ! અભિષેકની અદાથી સરવડા વરસવા માંડે છે. અષાઢના ગુણોની ગરબીઓ ગૂંથતો હોય તેમ કલાપીનો કેકારવ ચોગરદમ ફરી વળે છે. કોયલના દ્રુતવિલંબિત ટહુકા તેમાં સાથ પુરાવે છે. કૅમેરાની ફ્લેશ લાઈટ જેવા વીજળીના ચમકારા આકાશમાં વેરાયા કરે છે. જેથી દેવો પણ જાણે આ પધરામણી કચકડે કેદ કરી રહ્યા હોય તેમ જણાય છે !!

ઉનાળાના ધોમધખતા તાપથી વ્યાકુળ બનેલી ધરતી જ્યારે અષાઢી મેહુલિયાને ભેટે છે ત્યારે ધરતી પર ગરમીનું જોર ઘટે છે. મેઘરાજાના આગમનની સાથે જ ઋતુ પરિવર્તન થાય છે. ચાર મહિના વર્ષાઋતુના એટલે પ્રકૃતિને ખીલવાનો સમય. આ મોસમમાં કુદરતી કરિશ્મા ફૂલેફાલે છે અને તેનો નજારો આપણને જોવા મળે છે. આ સમયે તો એવું લાગે છે કે જાણે ધરતી માતાએ લીલી ચાદર ઓઢી લીધી ન હોય ! આવી રળિયામણી ધરતી પર મનુષ્યોની સાથે પશુ-પંખીઓ પણ ઝૂમી ઊઠે છે. પ્રકૃતિનું આ એક રૂપ છે જ્યાં સૌ મન મૂકીને નાચી ઊઠે છે. ચોમાસાના ચાર મહિનાનું આધ્યાત્મિક મહત્ત્વ પણ એટલું જ છે.

અષાઢ મહિનો બેસતા ચાતુર્માસનો પ્રારંભ થાય. આકાશમાં વાદળો છવાય છે. આકાશેથી ઊતરી મેહુલિયો ધરતીને નવપલ્લવિત-લીલીછમ્મ બનાવે છે. ધરતી સુજલા સુફલા બની જાય છે. ભૌતિક જગતની સાથે, એક આંતરિક વિશ્વ પણ નવપલ્લવિત થાય છે. ચાતુર્માસમાં ભક્તિના વિધવિધ સ્વરૂપો નીખરી ઊઠે છે. ચાતુર્માસને આપણા ઋષિવર્યો અને આચાર્યોએ પ્રેરક અને પવિત્ર પર્વો-ઉત્સવોથી એવી રીતે ગૂંથી લીધા છે કે જાણે એ જ સમગ્ર વર્ષની ભક્તિની વસંત બનીને મઘમઘી ઊઠે છે.

આપણા સનાતન હિન્દુ પંચાગશાસ્ત્ર અનુસાર અષાઢ સુદ એકાદશીથી ચાતુર્માસ પર્વનો શુભારંભ થાય છે. વર્ષાઋતુની આ પાવનતિથિથી ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષનાગની શય્યા પર ચાર માસ શયન કરે છે. ભગવાન વિષ્ણુનો આ દીર્ઘશયનકાળ આપણા શાસ્ત્રાનુસાર ચાતુર્માસ તરીકે શ્રદ્ધા અને ભક્તિથી ઊજવાય છે. આ પાવન મહાપર્વની સાથે સંકળાયેલી પૌરાણિક કથાનું 'શ્રીમદ્ ભાગવત'ના આઠમા સ્કંધમાં વર્ણન કરવામાં આવ્યું છે.

એકવખત ભગવાન વિષ્ણુ દાનવીર બલિરાજાનું રાજ્ય લેવા માટે બટુક બ્રહ્મચારી બન્યા અને વામન સ્વરૂપ ધારણ કર્યું. બલિરાજા પાસે ત્રણ હાથ ભૂમિની માગણી કરી. બલિરાજા તે આપવા તત્પર થયા ત્યારે તેમના ગુરુ શુક્રાચાર્ય તથા અન્ય દાનવોએ બલિરાજાને ચેતવ્યા કે, આ ત્રણ હાથ ભૂમિમાં તારું તે સર્વસ્વ લઈ લેશે. ત્યારે બલિરાજાએ કહ્યું કે, તેમનું આપેલું તો હું રાજ કરું છું. ભલે ગમે તે થાય તેમણે જે માગ્યું છે તે હું આપીશ જ. ભગવાન વિષ્ણુએ પોતાનું સ્વરૂપ વામનમાંથી વિરાટ કર્યું. તેમના બે પગલામાંથી પૃથ્વી અને સ્વર્ગ બંને લોક આવી ગયા. ત્રીજું પગલું મૂકવા જગ્યા નહોતી. તેથી બલિરાજાએ અત્યંત ધૈર્ય અને ભક્તિભાવથી કહ્યું : "હે પ્રભુ ! આપનું ત્રીજું પગલું મારા મસ્તક ઉપર રાખો !"

આમ, તેમણે પોતાનું શરીર ધરી દીધું. ભગવાને તેને સુતલમાં મોકલી દીધો.

## ચાતુર્માસ

અષાઢ સુદ એકાદશીથી શરૂ થઈને કારતક સુદ એકાદશી સુધી ગણવામાં આવે છે. સનાતન હિન્દુ શાસ્ત્ર પંચાગ અનુસાર ચાતુર્માસમાં ગુરુપૂર્ણિમા, હિંડોળાપર્વ, રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ, દશેરા, દિવાળી-અન્નકૂટોત્સવ, તુલસીવિવાહ વગેરે પર્વો આવે છે. આ તમામ ઉત્સવો ચાતુર્માસમાં ખૂબજ ઉમંગ અને ઉલ્લાસથી ઊજવવામાં આવે છે. આ ચારે મહિના દરમ્યાન ભક્તિભાવ, દાન-સમર્પણ અને તપ-વ્રતની છોળોમાં સમગ્ર ભારતીય સનાતન હિન્દુ ધર્મમાં આસ્થા રાખતા સેંકડો મુમુક્ષુ જીવાત્માઓ, કુટુંબ-પરિવારો માનસિક શાંતિ તથા આધ્યાત્મિક ઉન્નતિનો અનુભવ કરતા હોય છે.

અસુરગુરુ શુક્રાચાર્યની યુક્તિપૂર્વકની ના હોવા છતાં બલિએ ભગવાન વિષ્ણુને ઓળખી લીધા. અને સર્વસ્વ દાનમાં આપી દીધું. ભગવાન વિષ્ણુએ બલિરાજાનું ધન જીત્યું, બલિએ ભગવાનનું મન જીત્યું. આથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા ને વર માગવા કહ્યું. બલિએ પોતાના દરવાજે ભગવાનને અખંડ રહેવા વિનંતિ કરી. ભગવાન વિષ્ણુ કબૂલ થયા.

લક્ષ્મીજી વિષ્ણુનો આ વિયોગ સહી ન શક્યાં. આથી બલિને ભાઈ કર્યો. તેના કાંડે રક્ષા બાંધી. આથી બલિએ રાજી થઈ ચાર મહિના ભગવાન વિષ્ણુ અને બીજા આઠ મહિના શિવ અને બ્રહ્મા પોતાના દરવાજે રહેશે તેવું વચન આપ્યું.

આમ, ભગવાન ચોમાસાના ચાર માસ વૈકુંઠ છોડી ભક્તોથી દૂર થયા. ભગવાન ક્ષીરસાગરમાં પોઢ્યા કે પાતાળલોકમાં રહ્યા. ગમે તે હોય પરંતુ ભગવાન પોતાથી દૂર ન રહે અને સમીપમાં રહે તે આશયથી ભક્તો અષાઢ સુદ એકાદશીએ નિર્જળાવ્રત ધારણ કરી ચાર મહિના ભગવદ્ ભજન, ધ્યાન-ધારણા, સ્તુતિ-પ્રાર્થના, જપ-તપ, પૂજન-અર્ચનમાં રત બની ભગવાનનું સામીપ્ય ઝંખે છે.

ભગવાન વિષ્ણુ અષાઢ સુદ એકાદશીને દિવસે પાતાળમાં આરામ માટે જતા હોઈ તેને દેવપોઢી કે દેવશયની એકાદશી કહેવાય છે. ભગવાન આરામ કરે ત્યારે ભક્તે વધારે સાવધાન રહેવાનું હોય છે. આત્મનિરીક્ષણ કરી જગતના અનિષ્ટોથી બચતા રહેવાનું હોય છે. ભગવાનનું શયન આપણી જાગૃતિ માટે છે. જીવાત્મા ભક્તિના બળથી જ આંતરિક જાગૃતિ મેળવી શકે અને આવું બળ મેળવવા ચાતુર્માસમાં ભક્તિની મોસમ નીખરે છે.

ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં પોઢ્યા, પરંતુ પોતાની વચ્ચેથી ભગવાન ક્યાંય જતા રહે તે વિચાર માત્રથી ભક્તોના હૃદય અત્યંત દુઃખની લાગણી અનુભવે છે તેથી જ અષાઢ સુદ એકાદશીથી ભક્તો ધ્યાન અને ધારણામાં, જપ અને તપમાં શ્રદ્ધા સહિત અનેકવિધ કાર્યો દ્વારા ભક્તિમાં વિશેષ જોડાય છે. ભવિષ્યોત્તર પુરાણ ચાતુર્માસમાં વ્રત-ઉપવાસ કરવાથી પ્રાપ્ત થતા અનેક લાભો વર્ણવતા કહે છે :- 'चातुर्मास्ये नरो यो वै त्यजेदन्नादिभक्षणम् । स गच्छेद्धरि सायुज्यं न भूयस्तु प्रजायते ।।' - 'જે માણસ ચાતુર્માસમાં અન્ન વગેરેનો (વિવિધ ભોગોનો) ત્યાગ કરે છે, તે ભગવાનના સાયુજ્યને પામે છે, જેથી તેનો પુનર્જન્મ થતો નથી.'

અષાઢ સુદ એકાદશીથી શરૂ થતા ચારે પવિત્ર મહિનાઓમાં કાર્તિક સુદ એકાદશી - પ્રબોધિની એકાદશી સુધી ભગવાન શ્રીહરિને રીઝવવા અનેકાનેક વ્રતો તથા કથાપારાયણો તેમજ તીર્થયાત્રા કરવાની આજ્ઞા પણ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આગ્રહપૂર્વક કરી છે :-

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।
एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥
विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् ।
महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥
साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।
एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥

ભગવાન **શ્રીહરિ** કહે છે કે, ‘‘અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે **વિશેષ નિયમ** ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. અને તે વિશેષ નિયમ તે ક્યિા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો.’’ (શિક્ષાપત્રી : શ્લોક - ૭૬ થી ૭૮)

શ્રીજીમહારાજ પણ આ એકાદશીએ પરંપરાનું પાલન કરાવતા થકા ભક્તોને **વિવિધ નિયમો** આપતા. નિયમો આપણા સદ્‌ગુણોની **વાડ** છે. આપણી ઉપાસના-ભક્તિનું **સુરક્ષા-કવચ** છે. એ એક એવું સતત વહેતું **ઝરણું** છે કે, જેમાં રોજીંદી ક્રિયાઓમાં થતો ધર્મલોપ ધોવાતો રહે છે. આ ચાતુર્માસ જીવનને અધ્યાત્મના મેઘધનુષ્યથી રંગી દે છે. હરિભક્તોનું ચાતુર્માસ દરમ્યાન લક્ષ્ય એક ભગવાન શ્રીહરિને વિષે વધુને વધુ સંલગ્ન થવાય તેવું હોય છે. તેથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણે ચાતુર્માસ દરમ્યાન અનેક ઉત્સવો ઉજવાવી પોતાના આશ્રિતોને આધ્યાત્મિક શિખરે પહોંચાડ્યા છે.

કવિવર **ન્હાનાલાલ**ના **શબ્દો**માં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની **વિલક્ષણ છબી**નું દર્શન થાય છે : ‘‘જગતથી અત્યંત વિરક્ત શ્રીજીને ઉત્સવો ઊજવવામાં અનેરો ઉત્સાહ હતો. રાજાઓના આતંક, ડફેરોનો ત્રાસ, કુરિવાજોનાં ભારણ જેવા કૈંકથી કંતાઈ ગયેલી ને કંટાળી ગયેલી પ્રજાને તેઓએ ઉત્સવોના ઉલ્લાસ દ્વારા ઉમંગી કીધી. સાથે સાથે એ ઉલ્લાસમાં વિલાસ ન પ્રવેશે તેની પણ તકેદારી રાખી. ફલસ્વરૂપે સ્વામિનારાયણ ઉત્સવો શીલના શણગારથી શોભી રહ્યા. તેમાં કલાસૌંદર્યની સુવાસ તો મહેંકી ઊઠી પણ સાથે સાથે

સંસ્કારોના સાથિયા પણ પુરાયા. પરંપરાગત ઉજવણીની સાથે કથાવાર્તા દ્વારા ઉત્સવો આધ્યાત્મિકતાનો સંસ્પર્શ પામ્યા ને મુક્તિના રાજમાર્ગ બની રહ્યા.''

નિરાળી ભાત પાડતા આવા સ્વામિનારાયણીય ઉત્સવચક્રમાં ચાતુર્માસ વિશિષ્ટ બની રહેતો - ઉત્સવોની વિપુલતા અને વિવિધતાને કારણે. આ ચાર મહિનાઓ દરમ્યાન 'उत्सवात् उत्सवाः यान्ति ।'ની જેમ એક પછી એક આવતા ઉત્સવો ભક્તિના નિત્ય નવા ભાવથી સૌ સાથે શ્રીજીમહારાજ ઉજવતા હતા.

ચાતુર્માસ અષાઢ સુદ એકાદશીથી શરૂ થઈને કારતક સુદ એકાદશી સુધી ગણવામાં આવે છે. સનાતન હિન્દુ શાસ્ત્ર પંચાગ અનુસાર ચાતુર્માસમાં ગુરુપૂર્ણિમા, હિંડોળાપર્વ, રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ, દશેરા, દિવાળી-અન્નકૂટોત્સવ, તુલસીવિવાહ વગેરે પર્વો આવે છે. આ તમામ ઉત્સવો ચાતુર્માસમાં ખૂબજ ઉમંગ અને ઉલ્લાસથી ઊજવવામાં આવે છે. આ ચારે મહિના દરમ્યાન ભક્તિભાવ, દાન-સમર્પણ અને તપ-વ્રતની છોળોમાં સમગ્ર ભારતીય સનાતન હિન્દુ ધર્મમાં આસ્થા રાખતા સેંકડો મુમુક્ષુ જીવાત્માઓ, કુટુંબ-પરિવારો માનસિક શાંતિ તથા આધ્યાત્મિક ઉન્નતિનો અનુભવ કરતા હોય છે. સમગ્ર ચાતુર્માસપર્વ દરમ્યાન ભક્તજનો ચિત્તની તમામ વૃત્તિઓને ભગવાનમાં લીન કરી, વાસનાના બંધનમાંથી મુક્ત કરવા ભગવાનની નિષ્ઠાપૂર્વક ઉપાસના-ભક્તિ કરે છે.

બ્રહ્માંડપુરાણમાં પણ બીજી એક **કથા** વર્ણન છે કે, સૂર્યવંશી **માંધાતા** નામના રાજા હતા. તે ન્યાય અને નીતિથી રાજ્યશાસન કરતા હતા. એક સમયે તેમના રાજ્યમાં સતત ત્રણ વર્ષ સુધી વરસાદ પડ્યો નહીં. વરસાદના અભાવે સૂકો દુકાળ પડ્યો. પ્રજા પાણી અને અન્ન વિના પરેશાની ભોગવવા માંડી. યાતનાઓથી ટળવળતી પ્રજા રાજા સમક્ષ ગઈ અને પરિસ્થિતિમાંથી માર્ગ બતાવવા વિનંતી કરી.

માંધાતા રાજા પણ પોતાના રાજ્ય ઉપર આવી પડેલી આફતથી અત્યંત વ્યથિત હતા. તેના ઉકેલ માટે જંગલમાં ઋષિમુનિઓના આશ્રમોમાં ઘૂમવા લાગ્યા. તેવામાં બ્રહ્માના પુત્ર **અંગિરસ ઋષિ**નો આશ્રમ આવ્યો. મહર્ષિને પ્રણામ કરી રાજાએ અછતગ્રસ્ત દુકાળનું વર્ણન કર્યું તથા રાજ્યની પ્રજાને આવી પડેલા કષ્ટમાંથી ઉગારવાનો ઉપાય પણ જણાવવા વિનંતી કરી. ઋષિમુનિએ ધ્યાનસ્થ થઈ સમગ્ર સ્થિતિનો વિચાર કર્યો. તેમણે રાજાને કહ્યું કે, અધિકાર વગરનો કોઈ માનવી આ સત્યુગમાં તપસ્યા કરી રહ્યો છે. આ દોષના લીધે સમગ્ર રાજ્યને દુકાળનો સામનો કરવો પડે છે. જો આ યોગ્યતા વિનાના મનુષ્યને શોધી તેને દંડ દેવામાં આવે તો સમગ્ર પ્રજાનું કલ્યાણ થાય. પરંતુ રાજાને અપરાધ વિના તપસ્વીને દંડ આપવાનું યોગ્ય લાગ્યું નહીં. તેથી તેમણે બીજો ઉપાય બતાવવા પુનઃ વિનંતી કરી. આથી અંગિરસ મુનિએ અષાઢ મહિનાની શુકલ પક્ષની **શયની** નામની **એકાદશી**નું વિધિપૂર્વક **વ્રત** કરવા જણાવ્યું. જેથી રાજ્યના તમામ પ્રજાજનો અને મંત્રીઓને સાથે રાખીને માંધાતા રાજાએ આ વ્રત કરવા સૂચન કર્યું.

'सुप्ते त्वयि जगन्नाथ! जगत्सुप्तं भवेदिदम् । विबुद्धे त्वयि बुध्येत जगत्सर्वं चराचरम् ।।' - ''હે જગન્નાથ ભગવાન! આપના સૂઈ જવાથી આ સંપૂર્ણ જગત સૂઈ જાય છે. આપના જાગ્રત થવાથી આ સમગ્ર ચરાચર જગત પણ ચેતનવંતુ બને છે.''

માંધાતા રાજા સહિત સમગ્ર રાજ્યના નગરજનોએ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક એકાદશીનું વ્રત કર્યું. રાત્રિ જાગરણ કર્યું. જેના પ્રભાવથી રાજ્યમાં સર્વત્ર વર્ષા થઈ. ધનધાન્ય પાક્યું અને જળસંકટ પણ દૂર થયું. જેથી પ્રજાજનો સુખી થયા.

આપણા પર્વોમાં પણ એક ચોક્કસ પ્રકારનો **આધ્યાત્મિક લય** રહેલો છે. ચાતુર્માસ પર્વ એ ભગવાન શ્રીહરિ સાથે એકીકૃત થવાનું પવિત્ર **દીર્ઘપર્વ** છે. ચાતુર્માસના વ્રતોને પાળવાની દૃષ્ટિએ અને આરોગ્ય પ્રાપ્તિની દૃષ્ટિએ **અદ્વિતીય** માનવામાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન ભગવદાજ્ઞાનુસાર વ્યવસ્થિત રીતે શરીરને કસવાથી **આધ્યાત્મિક વાતાવરણ** બની રહે તો મનને ખૂબજ **શાંતિ** મળે છે. આ ચાતુર્માસ પર્વમાં પણ **તપનો મહિમા** ખૂબ જ મોટો મનાયો છે. આવા ઉત્સવો થકી જ માનવજીવન ધર્મ સાથે સંકળાયેલું રહે છે. જીવનમાં નિયમ ન હોય, એમાંય ખાસ કરીને આહાર-વિહારમાં જો નિયમ ન હોય તો માનવજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. આ પવિત્ર ચાતુર્માસ પાછળનો એક **હેતુ** આપણા આહાર-વિહારને સુવ્યવસ્થિત કરવાનો પણ છે. ચાતુર્માસ વર્ષાઋતુના સમયમાં જ આવે છે. ચોમાસું હોય એટલે વાદળછાયું વાતાવરણ હોય જ. આવા વાતાવરણમાં આપણી પાચનશક્તિ મંદ પડી જતી હોય છે અને ભારેખમ આહાર કરવાથી અજીર્ણ (અપચો) થાય છે, જેનાથી અનેક પ્રકારના રોગોનો ઉદ્‌ભવ થાય છે. આવા રોગોમાંથી માનવજાતને મુક્ત કરવા માટે આપણા શાસ્ત્રોએ, ઋષિમુનિઓએ ચાતુર્માસ પર્વમાં ભારેખમ આહારનો નિષેધ કરી તપ-વ્રત દ્વારા માનવ જાતને મહારોગથી બચવાનો ઉપાય બતાવ્યો છે.

ચાતુર્માસમાંય **ત્રણ એકાદશી**નું માહાત્મ્ય **સવિશેષ** છે :- 'शयने च मदुत्थाने मत्पार्श्वपरिवर्तने । नरो मूलफलाहारी हृदि शल्यं ममार्पयेत् ।।' - ''મારા પોઢવાના (દેવશયની એકાદશીના)

દિવસે, મારા ઊઠવાના (પ્રબોધિની એકાદશીના) દિવસે, ને મારા પડખા ફરવાના (પરિવર્તિની - જળઝીલણી એકાદશીના) દિવસે કોઈપણ વ્યક્તિ - દૂધ, જળ કે ફળ-પત્ર આરોગે છે, તે મારા હૃદયમાં શૂળ ભોંકે છે.'' અર્થાત્ આ ત્રણેય એકાદશીઓ સંપૂર્ણ **નિર્જળા** કરવી જોઈએ.

'शरीरम् आद्यं खलु धर्मसाधनम्...' - આ સૂત્ર સાથે આયુર્વેદે શરીરને **આધ્યાત્મિક સાધના**નું મહત્ત્વનું **સાધન** ગણ્યું છે. એટલે ઋતુ-ઋતુની સાધનાની સાથે સાથે ઋતુ-ઋતુમાં શરીરના સ્વાસ્થ્યની પણ સંભાળ લેવાનો **આયુર્વેદ** વિશેષ **આગ્રહ** રાખે છે. આયુર્વેદના મતે, આપણી છએ ઋતુઓ - હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદમાં વર્ષાઋતુ સૌથી વધુ રોગોની જનની છે. આયુર્વેદ તેના ઘણા કારણો આપે છે. પ્રથમ કારણ છે - વાયુનો પ્રકોપ. આ ઋતુમાં વાયુપ્રકોપ થવાની **સવિશેષ શક્યતા** છે. વળી, વાયુના રોગોનું પ્રમાણ પણ ઘણું વધારે છે.

ચાતુર્માસ દરમ્યાન કરાતાં વ્રત-ઉપવાસની વિશેષતામાં આધ્યાત્મિકતા સાથે **સ્વાસ્થ્ય**ને પણ સંપૂર્ણ રીતે **લક્ષ્ય** બનાવાયું છે. વર્ષાઋતુમાં ભેજને કારણે સ્ફૂર્તિ ઓછી હોય, ઘણીવાર કામ વિના બેસી રહેવું પડે, આરોગ્ય અને પાચન માટે અતિજરૂરી તેજ તત્ત્વ (સૂર્યપ્રકાશ તથા જઠરાગ્નિ)નો અભાવ હોય - આવાં કારણોથી આહારનિયમન ઘણું જરૂરી છે.

ચરકસંહિતામાં સૂત્રસ્થાનના છઠ્ઠા અધ્યાયમાં **ચરકમુનિ** ઋતુચર્યાનું વિવરણ કરતાં વર્ષાઋતુ માટે લખે છે : 'वर्षास्वग्निबले क्षीणे कुप्यन्ति पवनादयः ।' - અર્થાત્ વર્ષામાં પૃથ્વીની બાફ વગેરે કારણોથી શરીરના વાયુઓ કોપે છે. ને તે જ રીતે અગ્નિનું બળ મંદ થવાથી વાત-પિત્ત ને કફ ત્રણે દોષનો પ્રકોપ થાય છે. જેમ વસંતમાં કફ, શરદમાં પિત્ત, તેમ વર્ષામાં વાયુ મુખ્યપણે કોપે છે. ચરકમુનિ કહે છે : ''ચોમાસામાં ઘી અથવા પાણીયુક્ત સાથવો, દિવસની ઊંઘ, બરફ, નદીનું પાણી, કસરત, તડકો તથા મૈથુનનો ત્યાગ કરવો જોઈએ. દિવસની નિદ્રા ગ્રીષ્મ સિવાયની બધી ઋતુઓમાં કફ ને પિત્ત કોપાવે છે.''

હોજરીની કામ કરવાની પણ મર્યાદા હોય છે. અમુક વખતે ખાવામાં મર્યાદા ઓળંગાય છે ત્યારે પરમાત્મા જ આપણને અનશનની પ્રેરણાનો સંકેત વિવિધ રીતે કરે છે. અરુચિ, અજીર્ણ, અમ્લપિત્ત વગેરેનો ઉપદ્રવ થાય છે. આ સીધી ચેતવણી છે કે હમણાં વધુ પડતો ખોરાક બંધ કરો.

એટલે જ ચાતુર્માસ એ ભક્તિનું પર્વ તો ખરું જ પણ શરીરયંત્રની મરામત-માવજતનું પણ પર્વ છે. માંદલા શરીરે ભક્તિમાં બરકત ન આવે. સ્વાસ્થ્ય જાળવવા 'પાણી પહેલા પાળ બાંધવી જોઈએ' એવો સંકેત આ વ્રતો પાછળ સમાયેલો છે. શાસ્ત્રોના આદેશ મુજબ દરેક હિંદુએ ચાતુર્માસમાં વ્રત-નિયમનું પાલન કરવું જોઈએ.

શિક્ષાપત્રી ભાષ્યમાં સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** કહે છે : ''મનુષ્યમાત્રે અમુક નિયમનું પાલન આજીવન કરવાનું હોય છે, જેમ કે મદ્ય, માંસ, કાંદા, લસણ, તમાકુંનું વિવિધ સેવન વગેરેનો આજીવન ત્યાગ કરવો તેવી રીતે ચાતુર્માસ દરમ્યાન પણ અમુક અભક્ષ્ય વસ્તુનો ત્યાગ આવશ્યક છે. જેમ કે શાકમાં રીંગણાં, કંદમાં 'ગૃંજનમ્' અર્થાત્ શલગમ (સલગમ). (મિતાક્ષરા-યાજ્ઞવલ્કયસ્મૃતિ અનુસાર 'लशुनानुकारिलोहितसूक्ष्मकन्दम्' - કાંદા-લસણના આકાર જેવો રક્ત કંદ અર્થાત્ ગાજર નહીં પરંતુ શલગમ) મૂળમાં મૂળા, ફળમાં જામફળ, કાલિંગડુ તથા અથાણામાં વપરાતા બિલાં ને ઊમરા વગેરે બહુબીજવાળા ફળોની ચટણી વગેરે વસ્તુઓ ચાતુર્માસ દરમ્યાન ત્યાજ્ય ગણી છે.''

ચારે માસમાં જુદાં જુદાં અમુક ખાદ્ય પદાર્થનો ત્યાગ પણ અપનાવવાનો ઉલ્લેખ છે. જેમ કે અષાઢ-શ્રાવણમાં શાકનો, ભાદરવામાં દહીંનો, આસોમાં દૂધનો ને કારતકમાં દ્વિદલ ધાન્યનો ત્યાગ કરી શકાય.(દ્વિદલ ધાન્ય એટલે અડદ, મસૂર, ચણા, કળથી, વાલ, મોટા અડદ, તુવેર, વટાણા, મગ વગેરે)

જેઓ વર્ષાકાળે જ સાવધાન રહ્યા હોય તેઓને પિત્તનો પ્રકોપ શરદઋતુમાં ન થાય. ચાતુર્માસના વ્રત દ્વારા વાયુ નિયંત્રિત રહે ને સ્વાસ્થ્ય, તન અને મનનું જળવાઈ રહે. આમ, આ વ્રત-ઉપવાસ દ્વારા **'શતં જીવ શરદઃ'**નો વેદધ્વનિ મનુષ્યની શરીરશુદ્ધિ ને આંતરશુદ્ધિનો નિર્દેશ કરે છે.

આ ચાતુર્માસ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક સંતો તથા હજારોની સંખ્યામાં હરિભક્તો ધારણા-પારણાં, ઋષિ ચાંદ્રાયણ, તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણ, પિપીલિકા ચાંદ્રાયણ, યવમધ્ય ચાંદ્રાયણ, ખટરસ-ત્યાગ, એક ટાણાં વગેરે આવા અનેક વ્રતો કરે છે. એટલું જ નહિ, વિશેષ **ભજન-ભક્તિ, કથાપારાયણો, વ્રતોત્સવો** કરીને આધ્યાત્મિક માર્ગમાં ઉન્નતિ કરે છે.

આપણા આધ્યાત્મિક વારસામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ **ચાર બાબતોનો મહિમા** ઉત્તમ રીતે કહેવાયો છે. માનવજીવનનું ઘડતર આ ચાર થકી જ થાય છે. શાસ્ત્રકારોએ આ ચારેય બાબતોને ચાતુર્માસપર્વ સાથે સાંકળી લઈને એક **સેતુ**ની રચના કરી છે. આ સેતુ એટલે ભગવાન શ્રીહરિ સુધી પહોંચવાનો પવિત્ર અને ભક્તિમય માર્ગ. માનવજાતને પરમાત્મા સાથે જોડી ચાતુર્માસપર્વ રૂપી આ **પવિત્ર સેતુ** ખરેખર આત્યંતિક કલ્યાણના માર્ગની **પગદંડી** જ કહેવાય છે.

ચાતુર્માસ પર્વનો પ્રારંભ થાય એ સાથે જ

તહેવારોનો પણ પ્રારંભ થાય છે. આ સમય દરમ્યાન **ગુરુપૂર્ણિમા** આવે છે, જે આપણને આપણા સદ્‌ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પ્રેરણા આપે છે. કુંવારી કન્યાઓ માટે મનગમતો ભરથાર મેળવવા આશિષ આપતા **જયા-પાર્વતીના વ્રત**નો તહેવાર પણ આવે છે. શિવભક્તો માટે તો પૂરો એક મહિનો **શિવ આરાધના** માટે ચાતુર્માસપર્વમાં જ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના આરાધકો માટે **શ્રીકૃષ્ણ જન્માષ્ટમી**નો તહેવાર પણ આ ચાતુર્માસમાં જ ઉજવાય છે. મૃત્યુ પામેલા પિતૃઓની પરમગતિ થાય અને તેમની તૃપ્તિ થાય તેવો પવિત્ર હેતુ વ્યક્ત કરતો **પિતૃતર્પણ**નો તહેવાર **શ્રાદ્ધપક્ષ** પણ આ જ સમયમાં ઉજવવામાં આવે છે. શક્તિપૂજાનો મહિમા ગાતો માતૃવંદનાનો નવદિવસ નૃત્ય થકી આદ્યશક્તિની આરાધના કરવાનો **નવરાત્રિ**નો તહેવાર અને અંધકારથી પ્રકાશ તરફ શ્રેયગતિ કરવાની પ્રેરણા આપતો **દીપાવલી**નો તહેવાર આ પવિત્ર ચાતુર્માસ દરમ્યાન હર્ષોલ્લાસથી ઉજવાય છે. પ્રકાશપર્વ દીપાવલીની વર્ષાંત પછી નૂતન વર્ષના મંગલ પ્રારંભ પછી લાભપાંચમ અને કારતક સુદી એકાદશીએ ચાતુર્માસના પ્રારંભે એટલે અષાઢ સુદી એકાદશીએ ક્ષીરસાગરમાં શેષશય્યા પર પોઢેલા ભગવાન વિષ્ણુ જાગ્રત થાય છે અને તુલસી (શીલભંગ થયેલી જાલંધરની પત્ની વૃંદા. જેની કથા તુલસીવિવાહ સાથે સંકળાયેલી છે.) સાથે વિવાહ કરી વૈકુંઠમાં નિવાસ કરે છે. તુલસીવિવાહના આ તહેવાર સાથે ચાતુર્માસપર્વ પૂર્ણ થાય છે.

## દેવશયની એકાદશી વિષે થોડું અવલોકન કરીએ..

તૃપ્ત થયેલી ધરા ઉપર વર્ષાના અમી છાંટણા થાય ત્યારે ધરા મહેકી ઊઠે. ધરતીમાં બાફ તૈયાર થાય અને ખેડૂતોએ વાવેલું બી અંકુરિત થાય, ફૂલેફાલે, ધરા ધાન્યથી છલકાઈ જાય અને પવનની લહેરખીમાં હિલોળા લેતાં એ કણસલાં જોઈને મન પ્રસન્ન થાય અને એક-એક દાણામાંથી અંકુરિત થયેલા એ કણસલાં પણ, સો-સો, બસો-બસો દાણાથી ભરાઈ જાય ! ત્યારે થાય, ‘વાહ પ્રભુ ! તારી પણ આ કમાલ છે ને ?’ એક-એક દાણાનું તું સેંકડો દાણામાં વળતર આપે છે..!!

નિસર્ગમાં બધે જ હરિયાળી છવાઈ ગઈ હોય, ધરતીએ જાણે લીલું ઓઢણું ઓઢ્યું હોય, ખળખળ વહેતાં ઝરણાં અને મેઘોના ગડગડાટને આવકારતા મયૂરોના એ કેકારવ, આકાશમાં વાદળોની એ સંતાકૂકડી વચ્ચે પૂરાતાં મેઘધનુષ્યના સપ્તરંગી સાથિયા - એ બધું જોઈને, એ બધું માણતાં જીવને ધરાપો જ થતો નથી. થાય છે કે લાવ એ સૌંદર્ય માણી લઉં. તો આ બધું કોના લીધે ? એ કિરતારની કરુણાને લીધે જ છે ને ? ત્યારે કોઈ કવિએ કહ્યું છે તેમ, ‘પ્રભુ તારી લીલા અપરંપાર, એનો ગણતા ન આવે પાર...’ અષાઢ સુદ એકાદશી એટલે **દેવશયની** (દેવપોઢી) એકાદશી - ભગવાનનો શયન કરવાનો દિવસ. ભગવાન ચાર માસ માટે સૂઈ જાય છે. આપણી ઊંઘ એક રાતની અને ભગવાનની ઊંઘ ચાર માસની ! ભગવાન છે માટે ? તો શું ભગવાન ઊંઘણશી છે ? ના, એવું નથી. તેની પાછળનો **ભાવાર્થ** સમજવા જેવો છે. તેનું **હાર્દ** ધ્યાનમાં આવશે એટલે તેનું મહત્ત્વ સમજાશે. અરે ! જેની મરજી વિના વૃક્ષનું પાંદડું પણ હલવા સમર્થ નથી એ પરમાત્મા સૂઈ કેમ જાય ? અને તેઓ સૂઈ જાય તો સૃષ્ટિનું અસ્તિત્વ પણ ટકે ખરું ?

ઘડીભર નિસર્ગની વાત બાજુ પર રહેવા દઈએ અને આપણી જ વાત લઈએ. આપણું હૃદય ધબકે છે તે પરમકૃપાળુ પરમાત્માના લીધે જ ને ? એક ક્ષણ માટે પણ તે ધબકવાનું બંધ કરી દે તો ? તે જ રીતે સમગ્ર સૃષ્ટિમાં ચૈતન્ય છે, પરમાત્માનો વાસ છે તેથી તો તે ધબકે છે. ભગવાન જાગ્રત છે તેથી તો જીવન છે અને જો ભગવાન સૂઈ જાય તો જીવન શક્ય બને ખરું ? પરમાત્માની કરુણા જોઈને જ તો આ માસમાં આપણે આપણા વ્રત-ઉપવાસ-પૂજન ઈત્યાદિ રાખીએ છીએ.

વાસ્તવમાં આ બધું ભગવાનનું સર્જન છે તેના લીધે તો આ સૃષ્ટિનું અસ્તિત્વ છે. દેવશયની એકાદશી એટલે બીજાને યશ આપવાની પ્રેરણા લેવાનો દિવસ, પરંતુ આપણો જીવન વ્યવહાર ઊલટો જ હોય છે. આપણે મોટી એકાદશી તરીકે તે ઊજવતાં હોઈશું પણ આપણી વૃત્તિ તો બીજાને મળેલો યશ આપણા નામે કરવાની જ હોય છે. જેનું છે તેનું સહજ રીતે આપવા આપણી પાસે એ સૌંદર્ય નથી. એ ઔદાર્ય તો કેળવીએ.

અરે ! આપણો સમગ્ર જીવનવ્યવહાર, આપણું અસ્તિત્વ માત્ર પરમાત્માના લીધે જ છે. તે પણ આપણા રોજિંદા વ્યવહારમાં આપણા ધ્યાનમાં નથી આવતું, પરંતુ આ ચાતુર્માસમાં જ્યારે જીવ, પરમાત્માની આ શયનલીલાના પ્રત્યક્ષ દર્શન કરે છે ત્યારે તો તેના ધ્યાનમાં આવવું જોઈએ ને ? મુશળધાર વરસીને તે જળ આપે છે. ઉપનિષદમાં તેનું વર્ણન કરતા કહે છે ‘तद् जलान्’ તેની એ કૃપા છે. અને જળ છે તો જીવન છે. ભગવાનની એ કરુણા વરસ્યા પછી પણ માનવીના ધ્યાનમાં નથી આવતું કે આ બધું તેના લીધે છે. તેનો જાગ્રત અહમ્ તે વાતની વિસ્મૃતિ કરાવે છે. ત્યારે આપણા શાસ્ત્રોએ અને ઋષિમુનિઓએ એ સમજ આપી કે, આ બધું જોયા પછી તો તારા અહમ્‌ને બીજની જેમ ધરતીમાં ધરબી દે. તારો અહમ્ દટાશે તો તારો વિકાસ થશે. બીજ અંકુરિત થાય છે તેમ તું પણ અંકુરિત થઈશ. એટલે કે વિકસિત થઈશ. તો અષાઢી એકાદશી એટલે આપણા અહમ્‌ને દાટી દઈને ભગવાન શ્રીહરિની શક્તિથી જ

અનુસંધાન નં. ૨૨ પર છે.



# ગુરુપૂર્ણિમા

## (અષાઢ સુદ પૂર્ણિમા)



અષાઢી પૂર્ણિમા **વ્યાસ પૂર્ણિમા** તરીકે પ્રસિદ્ધ છે. આ દિવસ ભગવાન **વેદ વ્યાસજી**ની સ્મૃતિરૂપે ઊજવવામાં આવે છે. કેમ કે વ્યાસજી સમગ્ર હિન્દુ સમાજના **સનાતન ગુરુ** છે. તેમણે કરેલો વેદવિભાગ, પુરાણો અને મહાભારત જેવા ગ્રંથોની રચના વગેરે દ્વારા ઈતિહાસ અને ભારતની **ગૌરવશાળી કથાઓ**નો સંગ્રહ આજે પણ બેનમૂન છે, પ્રેરક છે અને જીવનરીતિનો દ્યોતક છે. આવા સમર્થ ગુરુની જયંતી આષાઢી પૂર્ણિમાએ માનવામા આવેલી છે તેથી આજના દિવસે તેઓને સ્મૃતિરૂપી **અંજલી** અર્પણ કરવામાં આવે છે. સંસ્કૃતિના જ્ઞાનકોષ સમા ગ્રંથોમાં જેમણે તમામ ઋષિઓના શુભ વિચારો સંકલિત કરી આપ્યા. એવા હિન્દુધર્મના પિતા સમાન વ્યાસજીએ શ્રેય અને પ્રેય બંને માર્ગે લોકોને સમન્વય સાધી આપ્યો, પશુ સમાન માનવ દેવત્વ પામે તેવાં રહસ્યો તેમણે તમામને માટે ખોલી આપ્યા અને એ રીતે માનવજાતના **'આદિગુરુ'**નું બિરુદ પામ્યા.

જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ગુરુ વિના કોઈ જ સફળતા સંભવિત નથી. તો અધ્યાત્મક જેવી ગહન વિદ્યા તો ગુરુ વિના કેવી રીતે સંભવી શકે ? માટે ગુરુ એવા હોવા જોઈએ કે આપણને **વામનમાંથી વિરાટ** બનાવે. કાંતા-કનકના વંટોળિયામાં અસ્થિર બનીને ઊડ્યા કરે તેવાને સ્થિર બનાવે. જેનો ધ્યેય પરમાત્મા હોય, અને જે આપણને પરમાત્માના સુધી પહોંચાડી શકે !

સમસ્ત ભારત વર્ષ પોતાના ગુરુનું પૂજન કરી **શુભ પ્રેરણા** મેળવે, ગુરુઋણ અદા કરવા **પુરુષાર્થ** કરે એ **હિન્દુ પ્રણાલિકા** છે. પણ સાચા ગુરુ એ છે કે જે અનંત ગુણોના સાગર હોય,

જે અજ્ઞાનના અંધકારમાંથી જીવને જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય,

જે ભગવાનનું અપર સ્વરૂપ હોય, અને

જેમાં ભગવાનની પેઠે નિર્દોષબુદ્ધિ રાખવાની હોય.

જેમ સંસારમાં સંતાનો માટે માતા-પિતા એ બહુમાન્ય વ્યક્તિ છે તેમ આ લોકમાં સંસારના ત્યાગી જનો માટે પણ ગુરુ એ બહુમાન્ય વ્યક્તિ છે. પેલા **લૌકિક** ગુરુ છે, આ **લોકોત્તર** ગુરુ છે.

ગુરુનો દ્રોહ કદી ન કરાય, તેઓની આંતરડીને કદી ન કકળાવાય, જો તેવું કાંઈક થઈ જાય તો તેનો પરચો મળ્યા વિના રહે નહિ. શિષ્યનું જીવન સરસ ચાલ સાથે આગળ વધે નહિ, કદાચ ઊથલી પણ પડે.

અપેક્ષાએ દેવ કરતાંય ગુરુ મહાન છે. દેવની અને ધર્મની ઓળખ ગુરુ આપે છે. શાસ્ત્રમાં પણ **'ગુરુદેવ'** શબ્દનો 'ગુરુ' અને 'દેવ' એ અર્થમાં પ્રયોગ કરીને જણાવ્યું છે કે દેવ કરતાંય એક અપેક્ષાએ ગુરુ **મહાન** છે. એવું સૂચવવા માટે પહેલા 'ગુરુ' શબ્દનો **પ્રયોગ** કરવામાં આવે છે.

અન્યત્ર કહ્યું છે કે જીવંત ગુરુના દર્શન, વંદન,

શ્રવણનો જેને લાભ મળે છે તે તો મોક્ષ ગતિને પામે છે, પણ કોઈ કમભાગીને ગુરુના મૃતકનો, તેઓનો અગ્નિસંસ્કાર થતાં તેમની ચિતાની આગની જ્વાળાઓનો અરે ! તેય નહિ, આગ ઠરી ગયા પછી આકાશે ગોટે વળેલા ધુમાડાઓનો, અરે ! તે પણ નહિ, પરંતુ મૃતકની રાખનું પણ જો દર્શન કરવામાં આવે તો તે આત્મા પણ નિશ્ચિત મોક્ષગતિને પામે છે.

ગુરુ મળવા ખૂબ મુશ્કેલ છે. બાર વર્ષનો પ્રવાસ કરીને સાચા ગુરુ મેળવવા જોઈએ. એમ આર્ય સંસ્કૃતિના રક્ષક શાસ્ત્ર કહે છે. નુગરા તો રહેવાય જ નહિ, ઘણો પરિશ્રમ કરીને પણ જો ગુરુની પ્રાપ્તિ થાય તો એ બહુ ઉત્તમ વાત ગણાય.

**'યહ તન વિષ કી વેલડી, ગુરુ અમૃત કી ખાન;**
**શિશ દીયે જો ગુરુ મીલે, તો ભી સસ્તા જાન.'**

હે મુમુક્ષુ ! તારું માથું કાપી આપવાથી જો તને કોઈ સાચા ગુરુની પ્રાપ્તિ થતી હોય તો તું માનજે કે આ સોદો સસ્તામાં પત્યો છે...!

દેવ, ગુરુ અને ધર્મ - આ ત્રણ તત્ત્વનો પરસ્પર શું સંબંધ છે ? આ પ્રશ્નને સદીઓથી ફરી ફરી પૂછવામાં આવે છે. અને એનો ઉત્તર શોધવા માટે મનુષ્યજાતિના લાંબા ઈતિહાસને અવારનવાર તપાસતા એ જણાઈ આવે છે કે, દેવ, ગુરુ અને ધર્મમાં વચ્ચે જે ગુરુ છે તે જ આજુબાજુમાં રહેલા દેવતત્ત્વની અને ધર્મતત્ત્વની સાચી ઓળખ આપે છે. એથી જ મનુષ્ય ભગવાનનો ભક્ત બને છે અને ધર્મનો આરાધક બને છે. જો ગુરુ જ ન હોત તો આ બે તત્ત્વોની સમજ પડત નહિ.

મુક્તમુનિએ ઉત્તમનૃપને ભગવાન શ્રીહરિએ કહેલી વાત કરતાં કહ્યું : "ભગવાનની વાત ગુરુથી સમજાય છે. તેમાં પણ જેને જેટલી આસ્તિકતા ને મોક્ષનો ખપ હોય તેને તેટલી તે વાત સમજાય છે. દેશકાળની વાતનો પાકો અભ્યાસ હોય તે જ્ઞાની ગુરુ છે, એવા ગુરુ કોઈક જ હોય છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧/૭૨/૩૭-૩૮)

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ - આ ચાર જેનામાં દૃઢપણે હોય તેવા ગુરુ થકી પૂર્વજન્મના પાપ બળે છે. જેમ રાત્રિનો અંધકાર સૂર્ય વિના ન ટળે, તેમ એકાંતિક ગુરુ વિના પૂર્વ જન્મનાં પાપ ન બળે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૧૦૮/૩-૪)

જે ગુરુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ રહિત હોય તો તેને તૂટેલા વહાણ જેવો જાણવો. ફૂટેલું નાવ સાગર પાર કરતું નથી, વચ્ચે જ ડૂબાડે છે, તેમ એવા ગુરુને જે વળગે છે તેને જન્મમરણ, ચોરાશી ને જમપુરીમાં દુઃખ ભોગવવાં પડે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૪/૧૪-૧૬)

શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના બીજા **વચનામૃત**માં કહે છે :- "જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે."

આથી જ મીરાંબાઈએ પણ ગુરુ તો કર્યા જ છે અને મન મૂકીને ગીતો ગાયા છે.

**'મોહે લાગી લગન ગુરુચરનન કી,**
**ભવસાગર સબ સૂક ગયા હૈ;**
**ફિકર નહી મોહે તરનન કી, મોહે લાગી લગન....'**

કેટલાય પ્રકારના ગુરુઓ છે તેમાં મોક્ષના દાતા ગુરુને ઓળખવા તે કઠણમાં કઠણ વાત છે. નિર્બંધ ગુરુ મળવા દુર્લભ છે. જેને શ્રીહરિ સિવાય બીજી વાત ન હોય તે સર્વોપરી ગુરુ છે. એવા ગુરુ વિના બીજા ગુરુઓ બધા જ વ્યવહારિક જાણવા. વ્યવહારિક ગુરુથી મોક્ષ ન થાય.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૦/૬૬/૨૫-૨૮)

શાસ્ત્રોમાં કહ્યું છે કે, જો ગુરુને માત્ર સામાન્ય કોટિના ગૃહસ્થ તરીકે કોઈ શિષ્ય જુએ તો તે માણસ નિશ્ચિતપણે નરકગામી થાય.

'प्रतिमायां शीलाबुद्धित्वं मन्त्रे चाक्षरबुद्धिता ।
गुरौ मनुष्यबुद्धित्वं कुर्वाणो नरकं व्रजेत् ।।'

જે માણસને મૂર્તિમાં પથરો દેખાતો હોય, મંત્રોમાં માત્ર અક્ષરો દેખાતા હોય, ગુરુમાં સારા માણસથી વધુ કશું ન જણાતું હોય તે માણસ નરકમાં જાય છે.

'एकाक्षरप्रदातारं यो गुरुं नैव मन्यते ।
श्वानयोनिशतं गत्वा चाण्डालेष्वपि जायते ।।'

પોતાને સાચું જ્ઞાન આપનાર પરોપકારી ગુરુ માટે સહેજ પણ ઘસાતું બોલે કે તેમની સાથે અવિનયભર્યું વર્તન કરે તો તે આત્મા સેંકડોવાર કૂતરીના પેટે જન્મ પામે, અરે ! પછી ચાંડાલણીના પેટે પણ સેંકડોવાર જન્મ પામે.

એક વાત તદ્દન સાચી છે કે, ગુરુકૃપા ન મળે તો આધ્યાત્મિક જીવનવિકાસ બિલકુલ સંભવિત નથી. એટલે જ તો કહેવાયું છે કે :-

'यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।।'

(શ્વેતાશ્વતર ઉપનિષદ્ : ૬/૨૩)

અર્થાત્ જેને દિવ્ય સ્વરૂપે ધામમાં બિરાજતા ભગવાનમાં જેવી **પરાભક્તિ** હોય છે તેવી જ પરાભક્તિ મનુષ્યાકૃતિમાં રહેલા સાક્ષાત્ હરિરૂપ ગુરુને વિષે હોય તો તે આત્માને શાસ્ત્રોના શબ્દોની પાછળ ઘૂઘવાટ કરતા અર્થો એકદમ આંખ સામે ખૂલ્લા થઈ જાય છે. એમ **શ્રુતિ** કહે છે.

અરે ! ગુરુની કૃપાને જ મોક્ષપ્રાપ્તિનું અવન્ધ્ય કારણ જણાવાયું છે - 'मोक्षमूलं गुरोः कृपा ।'

ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે ખૂબજ સાવધાની અને ભગવાનની આજ્ઞાનું પાલન કરવા પૂર્વક **ગુરુસેવન** કરવું જોઈએ. ગુરુ તો શિયાળાનું સળગતું તાપણું છે. એમનું કામ છે નજીકમાં આવીને બેઠેલાની ટાઢ ઉડાડવાનું, પરંતુ જો તેમની પાસે બેસતા ન આવડે - જોરથી આવી જતા પવનની સામે વસ્ત્ર સંકોરી દેતા ન આવડે તો આગનો ભડકો વસ્ત્રને લાગી જશે અને જોતજોતામાં તમને સળગાવી દઈને ભડથું કરી દેશે.

મારા ગુરુ - જેમની મારા માટે સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા **નિયુક્તિ** કરાયેલી છે. અને તે છે... બે દેશ - **બે ગાદી** ઉપર આરુઢ થયેલી **'શ્રી આચાર્ય પરંપરા.'** ભગવાન શ્રીહરિએ સ્વયં બંને આચાર્યશ્રીઓની **આરતી** ઉતારેલી છે. એમનામાં અવતાર જેટલું **દૈવત** મુકેલું છે. માટે મારે તેમના દોષો ન જોવાય, દૈહિક સ્વભાવને પ્રભાવે નાના દોષો તો સહુમાં - મોટા રૂસ્ત (સમર્થ) મહાન પુરુષમાં પણ રહેલા જણાય; પરંતુ તે મારે જોવાના ન હોય, આવી પાકી **સમજ**પૂર્વક ગુરુ સેવાનું સાહસ કરવું જોઈએ.

બગીચામાં ગુલાબ ખીલેલા હોય છે તો જ્યાં ત્યાં વિષ્ઠા વગેરે ગંદકી પણ પડેલી હોય છે. ગુલાબની ડાળીએ બેસીને જે આત્મા મજેના, સૂરીલા ગીતોમાં ગુલાબના ગુણો ગાય છે તે આત્મા બુલબુલ છે. વિષ્ઠા ઉપર બેસીને તેમાં વારંવાર ચાંચ ખોંચે છે. અને વિષ્ઠાને કોચે છે તે તો કાગડાનો સાક્ષાત્ અવતાર છે.

આપણે ગુરુમાં રહેલી **અઢળક ખૂબીઓ** જોઈને **અદના સેવક** બનવું છે ? કે તેમનામાં રહેલી કોઈક ખામી જોઈને ગુરુનિંદક બનવું છે ? પહેલા આ વાત નક્કી કરો. પછી જ ગુરુચરણે શિર અડાડો.

ચિત્તની સ્થિતિ ખૂબ ચંચળ છે તેને સ્થિર કરવું એ જ **સાધના** છે. ગુરુની જરૂર તે માટે જ છે. મનરૂપી ઘોડો ગુરુરૂપી લગામ વિનાનો હોય તો કેટલું બધું તોફાન કરે ?

ભોમિયા વિના ડુંગરા ભમી શકાય, પણ આધ્યાત્મિક જગતના ડુંગરા ભોમિયા વિના કદાપિ ન ભમી શકાય.

યુગોથી માણસની **એક જ ખોજ** અવિરત ચાલુ રહી છે **: શાશ્વત શાંતિની, શાશ્વત સુખની...**

હજારો વર્ષોથી વિશ્વમાં સંસ્કૃતિઓ અને સભ્યતાઓ વિકસતી ગઈ તેમ તેમ માનવીની આ ખોજ વધારે **જટિલ** બનતી ગઈ. સુખ માટે ભૌતિકતા પાછળ ભટકી ભટકીને માનવીને આખરે આધ્યાત્મિકતા તરફ વળવાની જરૂર પડી. અને આ અજાણ્યા પ્રદેશની ભૂમિમાં ભમવા માટે તેને **સાચા ભોમિયા**ની જરૂર પડી. એવા ભોમિયા એજ - **'ગુરુ.'**

તેથી જ **શ્રી રામકૃષ્ણ પરમહંસ** કહે છે :- "તમારે કોઈ કાયદાકીય સલાહ લેવી હોય તો તમે તેના જાણકાર વકીલને જ મળો ને ! તમે થોડા કાંઈ શેરીમાં રખડતા કોઈ પણ માણસની સલાહ લેશો ? તેમ આધ્યાત્મિક માર્ગમાં પણ એવા સાચા ગુરુને શરણે જ જવું જોઈએ. જીવનમાં ગુરુ એક જ હોવા જોઈએ. તમે કોઈ અજાણ્યા પ્રદેશમાં ગયા હો ત્યારે જેને માર્ગની ખબર છે એવા એક **સાચા ભોમિયા**ને તમારે સાથે રાખવો પડે. પરંતુ ઝાઝા ભોમિયાઓ તમને દ્વિધા પેદા કરે. તેવી રીતે તમારે પરમાત્મા સુધી પહોંચવું છે તો તમારે એવા **એકમાત્ર ગુરુ**ની આજ્ઞામાં અનુસરવું જ રહ્યું, જેમને પરમાત્માના માર્ગની ખબર છે."

એક જ પળ માટે ગુરુરૂપી ભોમિયો દૂર ખસ્યો કે તરત મન એટલું તોફાન કરી શકે કે જીવ આધ્યાત્મિક માર્ગમાંથી ફંગોળાઈ જાય. આધ્યાત્મિક માર્ગમાં ગુરુવિહોણો માણસ તો ધોતીયા વિનાની ફક્ત પાઘડી પહેરેલા માણસ જેવો હાસ્યાસ્પદ લાગે.

આપણા આધ્યાત્મિક વિકાસ માટે પાયાની જરૂરિયાતોમાં જેનો સમાવેશ થાય છે તે છે - **'ગુરુ.'**

આ આખી બાબતમાં **એક વાત** યાદ રાખજો કે ગુરુ આપણા આધ્યાત્મિક **માર્ગદર્શક** છે. જેઓ આપણા આધ્યાત્મિક વિકાસમાં **દોરવણી** આપે છે. તમારાં ધ્યેયની તેઓ પાસેથી બને તેટલી મદદ મેળવવી. જેથી તમારી **આધ્યાત્મિક સફર** સફળ નીવડે. તમારું ધ્યેય ભૌતિક રીતે એમને ચોંટી રહેવાનું ન હોવું જોઈએ. ચોંટવાનું તો સલૂણી મૂર્તિ ઘનશ્યામમાં છે એ વાત ક્યારેય ન ભૂલવી જોઈએ. ગુરુ સાથેનો સંપર્ક તો તમારા અંતિમ ધ્યેયનું જે લક્ષ પરમાત્માને પ્રાપ્ત કરવાનું છે અને તે પ્રાપ્તિ માટેનું જ હોવું જોઈએ, તેને **ચરિતાર્થ** કરાવે છે. જે સાચા ગુરુ હશે તે તો તેમને પોતાને વિષે જ વળગી રહેવા માટે ક્યારેય પ્રોત્સાહન નહિ આપે. ગૌતમબુદ્ધ તેમના શિષ્યોને કહેતા હતા કે, "ધ્યાન વખતે જો તમે પ્રભુને બદલે મને જુઓ તો તરત મને મારી નાંખજો." આ વાત ઉપર જણાવેલ મુદ્દાને વધુ સ્પષ્ટ કરવા જણાવી છે.

જો તમે પરમાત્માની જેમ ગુરુમાં જ વળગી રહેશો તો તમે તમારા **અંતિમ ધ્યેય** સુધી પહોંચી નહી શકો. કારણ કે તમારી આધ્યાત્મિક સફર ગુરુ પાસે આવીને અટકી જશે, પ્રભુ સુધી નહિ પહોંચે.

આપણે એક વાત ખાસ સમજી લેવી જોઈએ કે તમારું અંતિમ ધ્યેય પરમાત્મા છે, નહિ કે ગુરુ ! ગુરુ તો એક સીધાસાદા **આધ્યાત્મિક માર્ગદર્શક** છે. જે તમને તમારા અંતિમ ધ્યેય પરમાત્માને પ્રાપ્ત કરવામાં **મદદરૂપ** થાય છે. અને બીજી અગત્યની વાત જે તમારે સમજી લેવી જોઈએ કે, તમારે ગુરુ

સ્વીકારવામાં આંધળું અનુકરણ ન કરવું જોઈએ. સાધુ-સંતો તમને જે જ્ઞાન આપે તેના ઉપર તમારે તમારા મનથી વિચાર કરી જે શાસ્ત્રમાં મળતું આવે તેને જ ગ્રહણ કરવું જોઈએ. તમારે બધા જ ઉપદેશો સાથે શાસ્ત્રોની વાતોને પણ સરખાવવી જોઈએ અને સાચા-ખોટાને ક્ષીર-નીર ન્યાયથી વિભાગ કરી લેતા શીખી જવું જોઈએ.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુને ગોતવા જવા પડે એમ નથી. ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની ધર્મધુરા વહન કરવા પોતાનું અપરસ્વરૂપ એવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને પોતાના આશ્રિતોના ગુરુ કરતા ગયા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પોતાના સ્થાન ઉપર ધર્મવંશી આચાર્યની સ્થાપના કરીને શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીહરિએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોને આદેશ આપ્યો છે કે :

'मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।

गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥'

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

જુઓ તો ખરા ! સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીનું લખેલું આપ્તવચન :- एतयोः चैतत् वंश्यानां करिष्यन्ति ये आश्रयम् । तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ॥ - જે જનો આ બંને આચાર્યોનો અને તેમના વંશમાં થનારા આચાર્યોનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજ દેહ અવસાન સમયે પોતાના ધામમાં તેડી જશે. (શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૩૯)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ગુરુ સ્વીકારવા બાબતમાં** મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'** બતાવે છે કે :- 'संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः । स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ॥' - ગુરુ બનવાનાં સંપૂર્ણ ગુણોએ યુક્ત - શુભ લક્ષણોથી સંપન્ન હોવા છતાં જો તે **ધર્મવંશી ન હોય તો** જન્મમરણના સંસૃતિ સંકટથી મુક્તિની ઈચ્છાવાળા **મુમુક્ષુએ** તેમને **ગુરુ ન કરવા,** ગુરુ તરીકે ન સ્વીકારવા.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૬/૨૩)

"...સત્સંગી હોય તેને **અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ?** કેમ જે, તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું **સમાધાન** કેમ થાય ?" એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, "લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો **ઉદ્ધવ સંપ્રદાય** છે તેની **રીત** જાણી જોઈએ તથા **ગુરુ પરંપરા** જાણી જોઈએ, તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા, ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી **વૈષ્ણવીદીક્ષા**ને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા **ધર્મકુળનું સ્થાપન** કર્યું છે તેની **રીત** જાણવી. અને ત્રીજા અમારા સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે **શાસ્ત્ર** છે તેને જાણવાં; તે શાસ્ત્રના નામ ૧. વેદ, ૨. વ્યાસસૂત્ર, ૩. શ્રીમદ્ ભાગવત પુરાણ, ૪. મહાભારતને વિષે વિષ્ણુસહસ્રનામ, ૫. ભગવદ્ગીતા, ૬. વિદુરનીતિ, ૭. સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહિલું વાસુદેવ માહાત્મ્ય અને ૮. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં, અને ચોથા સર્વે સત્સંગીના જે જે નિયમ છે તેને જાણવા. અને પાંચમા આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેને જાણવાં..."

આ રીતે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**માં પ્રવેશેલા મુમુક્ષુઓએ **પાંચ વાર્તા** અવશ્ય જાણવી જોઈએ. (૧) સંપ્રદાયની રીત (૨) ગુરુપરંપરા (૩) સંપ્રદાયના પ્રમાણરૂપ શાસ્ત્રો (૪) સર્વના નિયમો (૫) ભગવાનનું સ્વરૂપ.

આ જ વચનામૃતને **'શ્રીહરિવાક્યસુધાસિંધુ'** ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના શબ્દોમાં જોઈએ :-

'तत्राद्यः सम्प्रदायस्तु स्वगुरूणां परंपरा ।
गुरुस्तत्रादिमो ज्ञेय उद्धवोऽध्वप्रवर्तनात् ।।
बोध्यः स रामानंदो हि कृष्णार्पित गुरुत्व धूः ।
स्वामिनस्तस्य च ज्ञेयः साक्षात् रामानुजो गुरुः ।।
श्रीरङ्गाख्ये महाक्षेत्रे समाधौ च गुरोस्ततः ।
प्राप्तवान् वैष्णवीं दीक्षां तस्य शिष्यो भवाम्यहम् ।।
मयाऽयोध्याप्रसादे च रघुवीरे सुते स्विका ।
धर्मवंश्येऽस्ति निहिता गुरुतेति गुरुक्रमः ।।'

(હ.વા.સુ.સિં. - ત. ૨૧૮ / વચ. વર.૧૮)

શ્રીજીમહારાજ કહે છે કે, **ગુરુપરંપરા જાણવી જોઈએ.** કેવી રીતે ? તો રામાનંદ સ્વામી ઉદ્ધવના અવતાર હતા ને શ્રીકૃષ્ણ પરમાત્મા થકી સાક્ષાત્ ગુરુપદને પામ્યા હતા. તોપણ શ્રીરંગક્ષેત્રને વિષે રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા હતા. જ્યારે બીજી બાજુ રામાનંદ સ્વામીના શિષ્ય શ્રીજીમહારાજ પોતે થયા અને તે સ્વયં ભગવાન શ્રીહરિએ ધર્મકુળના અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજી મહારાજ બંને આચાર્યમાં પોતાના ગુરુપરંપરાપદની સ્થાપના કરી.

પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિવાક્યસુધાસિંધુ - સેતુમાલા ટીકા'** ગ્રંથમાં લખે છે તે જોઈએ તેમના જ શબ્દોમાં :-

'मया धर्मवंश्ये । धर्मवंशभवे । सूते दत्तविधिना पुत्रत्वेनाङ्गीकृते अयोध्याप्रसादे रघुवीरे च स्विका मदीया गुरुता ।आचार्यधुरा निहिता समाहिता ।।'

શ્રીજીમહારાજ સ્વયં કહે છે : ''મેં પોતે ધર્મવંશમાં જન્મેલા, દત્તવિધિથી પુત્રપણાથી સ્વીકારેલ એવા અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ આ બંને પુત્રોને મારું **ગુરુપદ**-આચાર્યપદ સમ્યક્ પ્રકારે આપેલું છે, એમ જાણવું.''

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : ત. ૨૧૮ / વચ. વર.૧૮)

આ શાસ્ત્રના વચનોથી એક વાત સ્પષ્ટ અને સચોટ થાય છે કે, મુમુક્ષુએ 'ગુરુ' કેવલ ધર્મવંશી આચાર્યને જ બનાવવા. આ વાર્તાને મુમુક્ષુ સત્સંગીએ અવશ્ય જાણવી જોઈએ એવી ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા છે.

આ આખી બાબતમાં એક વાત યાદ રાખજો કે, અન્ય સંપ્રદાયોમાં જ્ઞાનગુરુ અને દીક્ષાગુરુ એકજ હોય; પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક **વિશિષ્ટતા** એ છે કે જ્ઞાનગુરુ સંતો છે અને દીક્ષાગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી છે. જ્ઞાનગુરુઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાનું પાલન કરતા કરાવતા થકા શુદ્ધ સર્વોપરી ઉપાસનાનું જતન કરે છે અને દીક્ષાગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભગવાન શ્રી સ્વામિનારાયણના દરેક પ્રકારના મૂળભૂત સિદ્ધાંતોને જાળવે છે. આ રહસ્યને હંમેશાને માટે યાદ રાખજો તો તમે ક્યારેય થાપ નહિ પામો. અન્યથા લોંગ કોટનું એકજ બટન ઊંધું દેવાય તો બીજા બધાજ બટનો ખોટા દેવાય છે, આ વાતને સહુ કોઈ જાણે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પંચવર્તમાનયુક્ત સંતોની બહુ મોટી ગરિમા અને પ્રતિષ્ઠા છે. પંચવર્તમાનયુક્ત સંતો તો ભાગવતધર્મનું પોષણ કરનારા છે. આ રહસ્ય સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા વચનામૃતમાં કહ્યું છે. આથી મોટું ક્યું પ્રમાણ હોઈ શકે ? તો હવે જોઈએ સ્વયં શ્રીજીમહારાજના શબ્દોને...:

પછી શ્રીજીમહારાજ બોલ્યા, ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે. અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.''

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળિયા પાતાળ સુધી પહોંચાડવા માટે અને એની શાખાઓને આસમાન સુધી અંબાડવા માટે શ્રીજીમહારાજની દિવ્ય અલૌકિક પરંપરાના પ.પૂ. **ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓ,** ધર્મકુળ પરિવાર સહિત રાત્રિ-દિવસ એક કરી પુરુષાર્થ કરે છે. અને તેમની આજ્ઞાથી તેમના દીક્ષિત **સંતો**એ પણ ગામડે ગામડા ખુંદી ભૂખ-તરસ, માન-અપમાન અને અનેક પ્રકારના કષ્ટોને સહન કરીને પણ, તેમજ ધર્મકુળ આશ્રિત - **હરિભક્તો**એ પોતાના ભૌતિક સુખનો ત્યાગ કરીને કળિયુગની ભયાનક હોનારતોમાં પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડલાને લીલો રાખ્યો છે, અને ઉની આંચ પણ આવવા દીધી નથી.

વડતાલ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં **દીક્ષાગુરુ પરંપરા**ની સ્પષ્ટતા કરી છે, તે **'શ્રીહરિવાક્યસુધાસિંધુ'** ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના શબ્દોમાં જોતા સ્પષ્ટ જણાય આવે છે.

'श्रीरङ्गाख्ये महाक्षेत्रे समाधौ च गुरोस्ततः ।
प्राप्तवान् वैष्णवीं दीक्षां तस्य शिष्यो भवाम्यहम् ।।
मयाऽयोध्याप्रसादे च रघुवीरे सुते स्विका ।
धर्मवंश्येऽस्ति निहिता गुरुतेति गुरुक्रमः ।।'

(હ.વા.સુ.સિં. - ૨૧૮ / વચ. વર. પ્ર. ૧૮)

આ શ્લોકોમાં 'प्राप्तवान् वैष्णवीं दीक्षां' શબ્દો પ્રયોજાયેલા છે. એનો અર્થ એ જ છે કે રામાનંદ સ્વામીએ રામાનુજાચાર્ય પાસે દીક્ષા લીધી હતી. અને રામાનંદ સ્વામીએ અમને દીક્ષા આપી **'આચાર્યપદ'** પર આરૂઢ કર્યા. અને અમે અમારા દત્તપુત્ર અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને દીક્ષા આપી **'આચાર્યપદ'** પર આરૂઢ કર્યા છે.

ધર્મદેવને સદ્ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ પ્રયાગક્ષેત્રમાં **વૈષ્ણવી મંત્રદીક્ષા** આપી હતી. અને થોડા વખતમાં જ ધર્મદેવ, રામાનંદ સ્વામીના અંતરનો પરમ પ્રેમ અને સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શક્યા. રામાનંદ સ્વામીએ એમને પોતાના સર્વ શિષ્યોમાં **જ્યેષ્ઠપદે** નિયુક્ત કર્યા અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો પોતાનો **અધિકાર** પણ એમને એકલાને આપ્યો. (શ્રી સત્સંગિજીવન : ૧/૧૬/૪-૫-૬)

તે જ ધર્મદેવને પોતાના ગુરુ બનાવી બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે **અષ્ટાક્ષર મંત્ર** પોતાના પિતા-ગુરુ પાસેથી જ લીધો હતો. જેની નોંધ કરતા સ. ગુ. **શ્રી નિષ્કુળાનંદ સ્વામી** 'ભક્તચિંતામણી'માં કહે છે :-

**'વળી શાસ્ત્રયુક્ત ભક્તિ જેહ રે, કરવી કૃષ્ણની તાત કહે તેહ રે;**
**સુણો મંત્ર હુંથી મહામતિ રે, અષ્ટાક્ષરનો તે શુભ અતિ રે.**
**વળી ત્રણ પ્રકારનો જેહ રે, કહ્યો પિતાએ કરી સનેહ રે;**
**કહ્યું એ મંત્ર વહાલો છે મને રે, અતિ હેત કરી કહ્યો તને રે.**
**કરો જપ તેનો પૂજા નિત્ય રે, પાળજ્યો સ્વધર્મ રૂડી રીત્ય રે;**
**એવી તાતે શિખામણ દીધી રે, માંડ્યું વર્તવા હરિ એ વિધિ રે.'**

(ભક્તચિંતામણી : પ્ર-૨૩/૩૯-૪૧)

વળી, ધર્મદેવે સં. ૧૮૪૮ના જેઠ માસમાં જ્યારે ધામમાં

જવાની તૈયારી કરી હતી, ત્યારે પોતાના પુત્ર **રામપ્રતાપ** અને **ઈચ્છારામ**ને બોલાવી કહે છે :-

**'નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળ જેહ;**
**એમ કરી મોટા મોટા કામ, પછી પધારશે નિજધામ.'**

(ભક્તચિંતામણી : પ્ર-૨૬/૧૮)

આમ, **સંપ્રદાયનું ગુરુપદ** સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીએ **ધર્મદેવ**ને જ આપેલું અને ધર્મદેવે આ પદ પોતાના કુળમાં જ રહેશે તેવી **ભવિષ્યવાણી** સં. ૧૮૪૮ના જેઠ માસમાં ઉચ્ચારેલી.

આચાર્યપદ ધર્મવંશમાં સ્થાપન કરશે એવી **ભવિષ્યવાણી** સં.૧૮૪૮માં જેઠ માસમાં સ્વયં ધર્મદેવે ઉચ્ચારી હતી. જોઈએ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'**ના **શબ્દોમાં :-**

'आचार्यत्वं च युवयोः स्थापयित्वा कुले निजम् ।
स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ॥'

હે રામપ્રતાપ તથા ઈચ્છારામ ! મહા યશસ્વી આ શ્રીહરિ તમારા કુળમાં પોતાના **'આચાર્યત્વપદ'** ની સ્થાપના કરશે અને પછી પોતાના પરમશ્રેષ્ઠ બ્રહ્મધામમાં પ્રયાણ કરશે.

(શ્રી સત્સંગિજીવન : ૧/૩૯/૧૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત **દીક્ષાગુરુપરંપરા**-આચાર્ય પરંપરા સ્વીકારવામાં આવે છે. અને વડતાલના ૧૮મા વચનામૃતમાં દીક્ષાગુરુપરંપરા બતાવવા તરફ શ્રીજીમહારાજનો અનુરોધ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે **આચાર્ય-ગુરુપરંપરા**ને આગળ વધારવા સ્વયં બે આચાર્ય-ગુરુપરંપરા ચાલુ કરી. જે એક શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન - **વડતાલ પરંપરા** અને બીજી શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન - **અમદાવાદ પરંપરા**ના નામે પ્રસિદ્ધ છે. આ બંને આચાર્ય-ગુરુપરંપરાઓ વર્તમાન સમયમાં પણ ચાલી આવે છે.

ભગવાન શ્રીહરિનો **આશીર્વાદ** કહો કે પોતાની નિશાની કહો કે પછી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને આપેલી **અમૂલ્ય ભેટ** કહો, તે છે આ દિવ્ય આચાર્ય-ગુરુ પરંપરા!!!

શાસ્ત્રવચને, શાસ્ત્રસાપેક્ષ વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આપણા માટે ભગવાન શ્રીહરિનું જ **અપરસ્વરૂપ** છે. ધર્મવંશી વિદ્યમાન આચાર્યશ્રીની **અવહેલના** કરવાથી સેંકડો વર્ષોથી ચાલી આવતી ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન **ગુરુ-શિષ્ય પરંપરા**નું ખૂન થાય છે. અને તે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત દિવ્ય પરંપરાનો **ઉઘાડો દ્રોહ** છે.

ધર્મવંશી આચાર્યપદ એ કોઈ સાધારણ બાબત નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત ચાલી આવતી ગુરુપરંપરાને ટકાવી રાખનારું એ પદ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની **કલ્યાણ વ્યવસ્થા**ની **અંગભૂત** એક વ્યવસ્થા છે. એટલે જ વિદ્યમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પાછળ ભગવાન શ્રી સ્વામિનારાયણની યોજનાનું, ભાવનાનું અને વ્યવસ્થાનું **પ્રચંડ બળ** રહ્યું છે. આથી જ તો વિદ્યમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું **અપર સ્વરૂપ** છે.

ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે, **વિદ્યમાન ધર્મવંશી આચાર્ય દ્વારા** કળિયુગમાં મારે **અનેકનો ઉદ્ધાર** કરવો છે. આ રહ્યા તેઓના મુખકમળમાંથી નીકળેલા **અતૂટ** શબ્દો :

**'માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે; મૂર્તિ આચારજ ધર્મપાળ રે, રે'શે કલ્યાણ તે બહુ કાળ રે. ॥૧૬॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭)

**'એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે; એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વેર વેર રે. ॥૧૭॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮)

**'પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે; ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે. ॥૬॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯)

**'મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર;**
**એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર. ॥૪॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૦)

પેલું ભગવાન શ્રી સ્વામિનારાયણનું **વચન** યાદ આવે છે :

**'આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે; એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સૌ સત્ય માની લીજિયે રે. ॥૨૦॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭)

અરે ! સ્વયં ભગવાન શ્રીહરિ કહે : 'મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેવો **પ્રગટ પ્રમાણ** રહ્યો છું એવો ને એવો જ હું **વિદ્યમાન ધર્મવંશી આચાર્યમાં** રહ્યો છું.' આ રહ્યા એના એ જ શબ્દો :-

'सदैतयोरहं भक्ता मदर्चास्विव हि स्थितः ।
सेवनीयाविमौ तस्माज्जनै र्मत्प्रीतिकाङ्क्षिभिः ।।'

આ લોકમાં હું હંમેશા મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેમ પ્રત્યક્ષ રહ્યો છું તેમજ આ બંને ધર્મવંશી આચાર્યોમાં રહ્યો છું. માટે મારી પ્રીતિ સંપાદન કરવાની જે જનોને ઈચ્છા હોય તેમણે **બંને** ધર્મવંશી **આચાર્યોની સેવા** કરવી. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૦)

કવિકુળ શિરોમણી સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના **'ધર્મવંશી**

**આચાર્યપદ**' પ્રત્યેની નિષ્ઠાના ધારદાર શબ્દો જોઈએ. જે ધર્મકુળ-ગુરુજનોનો મહિમા ગાતાં સ્વામી કહે : ''જો આ ધર્મવંશી ગુરુનો આશ્રય મુકી હું બીજાને શરણે જાઉ તો મારું કુળ નિશ્ચય કંસનું જાણજો.'' - આ રહ્યા એમના શબ્દો :-

**'જો તજુ શરન ધર્મવંશકો, સેવું દેવ ભોગી મદ્ય માંસકો;**
**તો મોય કુટુંબી જાનો કંસકો...'**

સ્વામી આગળની પંક્તિમાં કહે છે :- ''ધર્મકુળને તજી બીજાનું શરણ સ્વીકારું તો સોગંદ ખાઈને કહું છું કે હું તો નીચમાં નીચ ખરો. આવો મારો નિશ્ચય છે ને હવે હું ધર્મવંશીથી ફરી જાઉ તો મારી જનનીએ નવ મહિમા સુધી મારો ખોટો ભાર ઊપાડ્યો છે.''

**'ધર્મકુળ તજી કે, દુજે કો જો શરનો લઈ હું જાઈ કે;**
**તો મેં નીચ ખરો, સાચી નિશ્ચે વાત કહું સમ ખાઈ કે.**
**બ્રહ્માનંદ કહે જાનો વાત ખરી, જો મેં ધર્મ નિમિત્તે જાઉં પરી;**
**તો જનની મેરી યુંહી ભાર મરી. ધર્મકુળ૦'**

અરે ! સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ તો ધર્મવંશી આચાર્યનેઆ કળિયુગમાં ભગવાન કહ્યા છે. એહ વિના કળિયુગમાં બીજે ઠેકાણે મોક્ષ નથી માટે ચાલો મોક્ષ માગવા જઈએ ધર્મવંશી આચાર્યને ઘેર ! 'ધર્મવંશી આચાર્ય વિના બીજે **શિર કૂટવા સિવાય** કશું મળવાનું નથી.' જોઈએ તેમના જ શબ્દોમાં :-

**'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,**
**આજ ધર્મવંશીને દ્વાર નરનારી...જેને૦**
**શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ,**
**હ્યાં'તો તરત થાશો પાવન, નરનારી...જેને૦'**

અરે ! ધર્મવંશી આચાર્ય તો કળિયુગમાં **મુક્તિના દાતા** છે :

**'ચાલો ચાલો ધર્મવંશીને દ્વાર,**
**સાહેલી માગીએ મોક્ષને;**
**આજ એ વિના મોક્ષ બીજે નથી,**
**એ છે કળિમાં મુક્તિ દેનાર...સાહેલી૦**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાના ત્યાગી અને ગૃહસ્થ તમામ આશ્રિતો માટે ગુરુની નિયુક્તિ કરેલી છે. વિશ્વના તમામ સંપ્રદાયો કરતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **અનોખી ભાત** દર્શાવે છે કારણ કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **'ગુરુ'** એ એક સ્વયં **પરમાત્માની જ દેણ** છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સર્વોપરી છે. તેના ઘણા કારણોમાંનું એક કારણ એ છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીભક્તોના ગુરુ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની જ થઈ શકે છે. અર્થાત્ સ્ત્રીભક્તોના ગુરુ સ્ત્રીભક્ત જ છે. આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું અજોડ અને અદ્વિતીય બંધારણ છે. અન્ય કોઈ સંપ્રદાયમાં જોવા મળતું નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણના બંધારણ પ્રમાણે આચાર્યશ્રી કેવળ પુરુષભક્તોના ગુરુ બની શકે છે. અને આચાર્યપત્ની જે પ.પૂ. માતુશ્રી (ગાદિવાળાશ્રી) કેવળ સ્ત્રીના ગુરુ બની શકે છે.

આજે કળિયુગે કેવો મરણતોલ ફટકો માર્યો છે. જે ભારતદેશમાં ગુરુને 'गुरुः साक्षात् परब्रह्म' કહેવાય છે તેવા ઉપકારી ગુરુમાં દોષ દેખાય છે. તેમના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થાય છે...!

આ દેશમાં ગુરુને હંમેશા નિર્દોષ બુદ્ધિથી જોવામાં આવ્યા છે. એ વાત **મહાભારત** બતાવે છે કે જ્યારે મહાભારતનું યુદ્ધ થયું, ગણત્રીના માણસો તેની વિનાશક અસરમાંથી બચ્યાં, અશ્વત્થામા તેમાંનો એક હતો. તેનું હૃદય વેરની જ્વાલાથી બળતું હતું, અપાંડવી પૃથ્વી કરવા રાત્રિના સમયે તે પાંડવોના તંબુમાં પ્રવેશ્યો, શ્રીકૃષ્ણ દ્વારા રક્ષાયેલા પાંડવો તે સમયે તંબુમાં ન હતા. અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચ પુત્રોના માથા કાપી નાખ્યા, દ્રૌપદી છાતીફાટ રુદન કરવા લાગી, અર્જુન અશ્વત્થામાની પાછળ દોડ્યા, તેના બ્રહ્માસ્ત્રને નિષ્ફળ બનાવી, તેને પકડયો, બાંધીને દ્રૌપદી પાસે રજૂ કરીને કહે : ''બતાવ, આ પાપીને હું શું સજા કરું ? તું કહેતી હો તો હમણાં જ આનું મસ્તક ધડથી અલગ કરી નાખું.... બતાવ...!'' ત્યારે દ્રૌપદીએ બે હાથ જોડી ગુરુપુત્રને પ્રણામ કર્યા અને કહ્યું : 'मुच्यतां मुच्यतामेषः ब्राह्मणो नितरां गुरुः' – 'અશ્વત્થામાને છોડી મુકો, આ ગુરુપુત્ર તો **પૂજનીય** અને **વંદનીય** છે.'

આ શબ્દ સાંભળી અર્જુનના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો, અને કહે : ''દ્રૌપદી ! આ તું શું બોલે છે ? તને ખ્યાલ તો છે ને કે આ તારા પાંચ પુત્રનો મારનાર નરાધમ પાપી છે. હા, મને બરાબર ખ્યાલ છે પરંતુ એ ગુરુપુત્ર હોવાથી મારા પાંચ પુત્રો કરતાંય અશ્વત્થામાનો દરજ્જો ઊંચો છે.'' આવી હતી ગુરુપુત્રમાંય **નિર્દોષબુદ્ધિ...**

ભલા થઈ ગુરુદ્રોહના ગોઝારા પાપ તમે કદી કરશો નહિ. અરે ! કોઈને ગુરુ બનાવશો નહિ, દીક્ષા લેશો નહિ, તે પણ હજુ ચાલશે. પણ ગુરુની આંતરડીને કકળાવવાનું કામ, એમના મોં ઉપર ઉદાસી લાવવાનું કામ, એમના હિતવચનોના દાનમાં પણ એમને નિષ્ક્રિય બનાવી દેવાનું મહા ભયંકર પાપ તો કદી કરશો જ નહિ. યાદ રાખજો, કામાદિકના પાપોનો પરચો તો હજુ કદાચ પરલોકે મળે પરંતુ ગુરુદ્રોહનો પરચો તો આ ભવમાં જ મળી જાય. કોણ જાણે આ પાપ, વાયદામાં તો માનતું જ નથી.

ગુરુએ **ગુરુ** બનવું જોઈએ તે કરતાંય વધુ અનુસંધાનથી શિષ્યે **શિષ્ય** બનવું જોઈએ. જોઈ લો, એકલવ્યને...!

ધનુર્વિદ્યાના પ્રાણ સમો જમણો અંગુઠો ગુરુવચનને

**'શાસ્ત્ર'** માનીને ગુરુ દ્રોણાચાર્યના ચરણોમાં અર્પણ કરી દીધો.

શું છે આ ગુરુવચન ? તો એ તો મનને તપાવી તપાવીને શુદ્ધ કરતી ભઠ્ઠી છે. અધ્યાત્મના યાત્રીની અંગારયાત્રા છે ! હૈયું વિપ્લવની અવસ્થામાં હોય, મન તડપતું હોય અને છતાં શ્વાસ પણ ગુરુને પૂછીને લેવાનો હોય તેવી પરિસ્થિતિને **'વચન'** કહેવાય અને તેમાં પાર પડે તે વચનની પ્રતિબધ્ધતા કહેવાય. ગુરુ નાનક કહે : ''જે શિષ્ય ગુરુના વચનનો ભંગ કરે છે એનો સંપ્રદાય તો ઊભી બજારે વગોવાયા વિનાનો રહેતો નથી.''

હજુ મોટાઈ પચશે, પરંતુ સાધુજીવનમાં ગુરુના **ઠપકાના વચનો** પચાવવા એ તો અતિ મુશ્કેલ કાળ છે. ગુરુના કઠોર વચનોને હસતે મોંએ જે વધાવી શકે નહિ એ ત્યાગીઓ સંસારનું ઘર ત્યાગે છે અને સંયમનું ઘર બાળે છે.

કહેવત છે કે 'ગુરુની ગાળ ઘીની નાળ' સોક્રેટિસે કહ્યું છે કે ''ધિક્કાર છે તે શિષ્યોને, જેમને કાંઈ પણ કહેતા ગુરુને **'બીક'** લાગે છે !''

સાધુ થયા પછી પણ સમતા ન રહે, ગુરુની **હિતશિક્ષા** સામે આક્રોશ પેદા થાય, કશુંય ખમાય નહિ એ કેવું આશ્ચર્ય કહેવાય !

દરેકના માથે ગુરુ હોવા જોઈએ. એમનું **અનુશાસન** નતમસ્તક બનીને સ્વીકારવું જોઈએ. એમની સામે બળવો તો દૂર રહ્યો પણ આંખ ઊંચી કરવાનો વિચાર પણ કરી ન શકાય. કેમ કે તે કરવાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અહિત પરિણમે. જો ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રત્યક્ષપણે ગેરહાજરીમાં તેમની આજ્ઞા પ્રમાણે તેમના સ્થાને બિરાજતા **'ગુરુ'** જ સૌથી **પ્રધાન** ગણાતા હોય તો તે ગુરુતત્ત્વનો અનાદર શી રીતે થઈ શકે ?

ગુરુનું બહુમાન ધર્મક્ષેત્રમાં પ્રવેશેલા માણસોને જ કરવાનું હોય છે, નાસ્તિક લોકો ધર્મક્ષેત્રમાં આવતા નથી એટલે ગુરુને **બહુમાન** આપવાનો સવાલ તેમને આવતો જ નથી.

ગુરુએ શિષ્યને મંત્ર અને દીક્ષા આપી એ બહુ મોટો **ઉપકાર** કર્યો છે, એ ઉપકાર આ જિંદગી એ ચુકવી શકાય એમ નથી :-

एकमेवाक्षरं यस्तु गुरु शिष्यं प्रबोधयेत् ।

पृथिव्यां नास्ति तद्द्रव्यं यद्दत्त्वा चानृणी भवेत् ॥

પૃથ્વીમાં એવું કોઈ દ્રવ્ય જ નથી કે જેના વડે ગુરુએ આપેલા એકાદ અક્ષરનું ઋણ ચુકવી શકાય.

एकाक्षर प्रदातारं यो गुरुनैंव मन्यते ।

श्वानयोनि शतं गत्वा चाण्डालेष्वपि जायते ॥

મંત્રનો એક શબ્દ પણ જેમણે આપ્યો હોય અને પછી જો એમને ગુરુ ન માને તો સો જન્મ સુધી કૂતરાનો જન્મ આવે છે. અને પછી ચાંડાલ થાય છે. ગુરુથી વિરુદ્ધ વચન ક્યારે પણ ન બોલવું અને જો ગુરુથી વિરુદ્ધ બોલે તો તે મરીને **રૌરવ** નામના નરકમાં જાય છે.

આ રહ્યા એ સ્મૃતિના વચન :-

गुरोर्विरुद्धं यद्‌वाक्यं न वदेत् सर्वयत्नतः ।

वदेत् यदि महामोहाद् रौरवं नरकं व्रजेत् ॥ ( स्मृति )

ભક્તજનો ! કૃતઘ્ન કદી બનશો નહિ. આ બહુ **ભયાનક દોષ** છે. એનું સેવન કરવાનું થાય તે પહેલા તો ઝેર ખાઈને મરી જવું સારું.

એક સાધુ બીજા મંડળના વિદ્વાન સાધુ પાસે ભણવા ગયા. તે મંડળમાં થોડીક શિથિલતાઓ હતી, પેલો સાધુ ભણતો જાય અને સાથે સાથે તે સાધુઓની શિથિલતાઓની નોંધ કરતો જાય. આ નોંધની ડાયરી પોતાના ગુરુને તે મોકલવા માંગતો હતો.

એકવાર તે ડાયરી તેના પુસ્તકમાંથી પડી ગઈ. જેમની પાસે ભણતા હતા એ સાધુને મળી, તેમણે આ બધું વાંચ્યું. તેમને ખૂબ આઘાત લાગ્યો. તેમના મનમાં વિચાર આવ્યો કે ભૂતકાળમાં ઉપકાર થઈ ગયા બાદ લોકો ઉપકારી ઉપર અપકાર કરતા; કૃતઘ્ન બનતા, જ્યારે હાલમાં - વર્તમાનમાં - હજુ તો **ઉપકાર કરવાનું ચાલું છે ત્યાં જ** ઉપકારી ઉપર **અપકાર** કરવાનું, કૃતઘ્ન બનવાનું શરૂ થઈ ગયું છે. તો હવે મારા મનમાં એવો **પ્રશ્ન** જાગે છે કે ભવિષ્યના લોકો શું કરશે ? શું તેઓ પોતાની ઉપર ઉપકાર કરવાનું કોઈ શરૂ કરે તે પહેલા જ તેની ઉપર અપકાર કરી નાખશે ?

आसीज्जनः कृतघ्नः प्राक् क्रियमाणश्च साम्प्रतम् ।

इति मे मनसि वितर्कः भविता लोकः कथं भविता ॥

જેનામાં કૃતજ્ઞતા નથી તે ઈન્સાન જ નથી, ઉપકારીના ઉપકારનું વિસ્મરણ થવું, કૃતઘ્ન બનવું એ તો પશુઓમાંય નથી. માણસ કૃતઘ્ન બન્યો એટલે પશુથી પણ ગયો.

ઈસુ ખ્રિસ્તનો તેરમા નંબરનો શિષ્ય **જુડાસ** કૃતઘ્ન બન્યો. (આથી જ તેરમો નંબર અપશુકનીયાળ ગણાય છે.) વિશ્વાસઘાતી બન્યો, તેણે ઈસુને પકડાવી દીધાં. જીવ જતો હોય તો જવા દેજો પણ કૃતજ્ઞતા ગુણને જવા દેતા નહિ, એટલું જ કહેવાનો **ભાવાર્થ** છે.

ગુરુપૂર્ણિમાએ ગુરુઋણમાંથી મુક્ત થવા માટે વડતાલમાં શ્રી રઘુવીરવાડીએ (આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને) ભગવાન શ્રી સ્વામિનારાયણના અપરસ્વરૂપ સમા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** અને પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ને વધાવવા હજારો ભાવિક ભક્તો ભક્તિભાવથી ઊમટે છે અને **ગુરુપૂજન** કરી **કૃતાર્થ** થાય છે.

# હિંડોળા ઉત્સવ

**(અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ)**



હિંડોળા એટલે ભગવાન શ્રીહરિના ભક્તો માટે પોતાના પ્રાણપ્યારા પ્રભુ સામીપ્યનો સર્વોત્તમ લ્હાવો. હિંડોળાના પર્વ દરમ્યાન ભક્તોને પોતાના મહાપ્રભુની નિકટતમ આવવાની **સુખદ તક** સાંપડે છે. પોતાના હાથે ભગવાન શ્રીહરિને હિંડોળામાં ઝુલાવવાનો **હર્ષોલ્લાસ**નો આ એક **ઉત્સવ** છે. આ દરેક ક્ષણો ભક્તિના સંતોષની સુખદાયક ઘડીઓ છે. અને એટલા માટે જ હિંડોળાનું પર્વ એ આપણા હિન્દુ ધર્મમાં **સર્વ સ્વીકાર્ય** બન્યું છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાયના દરેકે દરેકે મંદિરો-હવેલીઓમાં સવિશેષ રીતે **હિંડોળા પર્વ** ઉજવાય છે.

ચાતુર્માસમાં અષાઢ માસમાં ભગવાન શ્રીહરિને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. હિંડોળાના દિવસોમાં ભાવિક ભક્તોને એવા **ભાવ** થાય છે કે, જે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સમસ્ત વિરાટના સ્વામી છે તે અમારા કાજે સાવ નાનું રૂપ લેવા પણ તૈયાર છે. એ અમારા સ્વામી હોવા છતાંય અમારાથીયે નાના બની જાય એવા છે. યુગે યુગે પ્રગટ થવા તત્પર છે અને પોતાના અખંડ પ્રાગટ્યથી સૃજનનો તંતુ સતત રાખી રહ્યા છે. ભક્તોએ હિંડોળાનો ઉત્સવ રચ્યો હોય છે, ભક્તિની રીત જ એવી છે કે હરિ સંગાથે લાડ કરવા, એમને જમાડવા - પોઢાડવા અને એમને ઝુલાવવા. ભક્ત એમ સમજે છે કે, હું હરિને ઝુલાવું છું, પરંતુ એની પાછળ રહેલો **મર્મ** કંઈક એવો છે કે તમે વિરાટનો હિંડોળો ફેરવો તેમાં હું સાથે છું, મને એનું ભાન થયું છે, એનો આનંદ હું લઉં છું. અને ગમે તેટલા મહાન હોવા છતાં મારી ભક્તિના હિંડોળે ઝુલાવવાને ઈચ્છા કરું ત્યારે તમે અંતરયામી અવશ્ય પધારવાના જ છો તેવો મને **દૃઢ વિશ્વાસ** છે. ભગવાન તે સહર્ષ સ્વીકારી લે છે.

સારાં કામ કરીએ તો મહાપ્રભુ શ્રીહરિનો **હિંડોળો** આપણી નજીક આવે અને અયોગ્ય કામ કરીએ તો દૂર થાય. માટે મહાપ્રભુ શ્રીહરિ સદાય નજીક રહે તેવી ભક્તિ કરવી. જન્મમરણના હિંડોળે તો જીવમાત્ર ઝૂલ્યા કરે છે. ભગવાનને હિંડોળે હીંચકતા નીરખીએ તો ફરી જન્મ લેવો ન પડે. એટલે કે ભગવાન શ્રીહરિ તેના અંતરમાં પ્રગટ થઈ જાય અને તેના હૃદયહિંડોળે ઝૂલ્યા કરે.

ગુરુપૂર્ણિમા પછી એક મહિનાનો **આનંદમય ઉત્સવ** આવે છે હિંડોળાનો. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ એટલે કે એક મહિના સુધી ભગવાન શ્રીહરિને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. ભગવાન શ્રીહરિને પ્રેમરૂપી દોરીથી ઝૂલે ઝૂલાવવાનું પર્વ એટલે **હિંડોળા ઉત્સવ**. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી પણ **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં આ હિંડોળા ઉત્સવની **નોંધ** લેતા કહે છે:

શુચૌ मासि प्रतिपदि द्वितीयायां च वा तिथौ ।

वृषराशेश्चन्द्रबले स्थाप्या दोला स्वलङ्कृता ॥
सायाह्ने प्रत्यहं कृष्णं बालं तत्र निधारयेत् ।
नीराजयित्वा द्वे नाड्यौ भक्त आन्दोलयेत्ततः ॥

"અષાઢ માસમાં કૃષ્ણ પક્ષની **પ્રતિપદા** તિથિમાં અથવા **બીજને દિવસે** વૃષભરાશિવાળા બાલમુકુન્દ ભગવાનનું ચન્દ્ર બલ જે દિવસે હોય તે દિવસે સમલંકૃત કરેલો **હિંડોળો** સ્થાપીને સાયંકાલે તેમાં બાલકૃષ્ણને પધરાવીને તેમાં તેમની આરતી કરે. પૂજારી દરરોજ આ પ્રકારે સંસ્થાપીને **બે ઘડી પર્યન્ત** આંદોલન કરીને પછી ઉતારે." (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૬૧/૧૭-૧૮)

આપણા શાસ્ત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પ્રમાણે કરેલા **પ્રેરણાત્મક વિધાન મુજબ** સંપ્રદાયમાં **દર વર્ષે** અષાઢ-શ્રાવણ માસની મોસમમાં હિંડોળાનો ઉત્સવ ઊજવાય છે. અષાઢ વદ પ્રતિપદા કે બીજથી તે શ્રાવણ વદ બીજ સુધી મંદિરોમાં ભાત-ભાતના હિંડોળા થાય છે. ભક્તો શણગારેલા હિંડોળામાં ઠાકોરજી પધરાવી સાયંકાળે આરતી બાદ હિંડોળાના પદો ભક્તિભાવપૂર્વક ઝીલે અને ઝીલાવે છે.

તેમાં પણ શ્રી **સ્વામિનારાયણ સંપ્રદાય**માં હિંડોળા ઉત્સવમાં એક **નવી જ ભાત** પાડી છે. ઉત્તમ ધાટના અને નવીન રચનાઓના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવે છે. સૂકામેવાના હિંડોળા, અલગ-અલગ ફૂલના હિંડોળા, શાકભાજીના હિંડોળા, પવિત્રાના હિંડોળા, હીરના હિંડોળા, કઠોળના હિંડોળા, અગરબત્તીના હિંડોળા, મીણબત્તીના હિંડોળા, ચાંદી અને સુવર્ણોના દાગીનાનાં હિંડોળા, કોડી-શંખલા-છીપલાંના હિંડોળા, મોરપીંછના હિંડોળા, જરીના હિંડોળા, ચલણના હિંડોળા, બોલપેન-આર્ટિફિશિયલ ફૂલના હિંડોળા આદિ વિવિધ ભાત-ભાતના સુંદર અને કલાત્મક-આકર્ષક ગોઠવણીથી કંડારેલા હિંડોળા બનાવી ભક્તો ઠાકોરજીને હિંડોળે હીંચકાવીને દિવ્ય આનંદની અનુભૂતિ કરે છે. હિંડોળાની વિવિધ રચના કરવાનો ઉમંગ પૂર્ણ કરવા સંતો-ભક્તોને ઉજાગરા કરવા પડે, શ્રમ ઉઠાવવો પડે છે તે હિંડોળામાં ઠાકોરજી બિરાજમાન થતાં જ વસૂલ થાય છે.

પરસ્પર પ્રેમભક્તિની દોરીથી ઝૂલતા આવા હિંડોળાનું સુખ શ્રીજીમહારાજે સૌપ્રથમ **ડભાણ ગામે** હિંચકો બાંધીને ઝૂલ્યા હતા ત્યારે ભક્તોને આપ્યું હતું. જેની નોંધ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'ભક્તચિંતામણી'** ગ્રંથના ૬૩માં પ્રકરણમાં કહે છે :

**'પછી બાંધ્યો હિંડોળો બારણે, સુંદર વડે સોયામણે;**
**તિયાં વિરાજ્યા નાથજી, જોઈ જન જાય ભામણે.'**

પછી તો ભગવાન શ્રીહરિએ વડતાલ, સુરત, અમદાવાદ, મછિયાવ, માનકૂવા, ગઢડા, બામરોલી, કરજીસણ, સારંગપુર વગેરે અનેક સ્થાનોએ **હિંડોળાના સુખ** ભક્તોને આપ્યા છે. રંગોત્સવ, ફૂલદોલોત્સવ, જન્માષ્ટમી જેવા અનેક ઉત્સવ પ્રસંગે હિંડોળે ઝૂલીને ભક્તજનોને **આનંદ** આપ્યો છે.

સં. ૧૮૭૨માં **વડતાલ ગામ**માં ભગવાન શ્રી સ્વામિનારાયણે **ફૂલદોલ**નો **સમૈયો** કર્યો હતો. ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો કલાત્મક હિંડોળો બનાવી જ્ઞાનબાગમાં આંબાની ડાળે મોભ સાથે બાંધ્યો હતો. મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને હિંડોળામાં પધરાવ્યા. કપાળમાં ચંદનની આડ કરી વચ્ચે કુમકુમનો ચાંદલો કર્યો. હડપચી અને ગાલ ઉપર પણ કુમકુમના ચાંદલા કર્યા પછી રેશમી દોરીથી મહારાજને ઝુલાવવા માંડ્યા. ભગવાન શ્રીહરિ બાર સ્વરૂપ ધારણ કરીને હજારો હરિભક્તોને બારે બારણે દર્શન આપતા હતા. આ લીલાના દર્શન કરતા સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ ભાવવિભોર થઈ પદ ગાયું :

**'વડતાલની ફૂલવાડીયે રે હિંડોળો આંબાની ડાળ;**
**બાંધ્યો આંબલીયા ડાળ,**
**વાલો મારો હીંચે હીંડોળો આંબાની ડાળ.**
**સોનાની સાંકળે બાંધ્યો રે હિં૦**
**રૂપકડાં બેચાર, વાલો મારો...૦**
**બાંધ્યો હીંડોળો બાર બારણે રે હિં૦**
**કનક જડ્યા કમાડ, વાલો મારો...૦**
**બાર સ્વરૂપે બિરાજતા રે હિં૦**
**સહજાનંદ ભગવાન, વાલો મારો...૦**
**આનંદસ્વામી આરતી ઉતારતા રે હિં૦**
**પ્રેમાનંદ બલિહાર, વાલો મારો...૦'**

ભક્તોને લાડ લડાવવાનો કેટલો ઉમંગ અને ઉત્સાહ શ્રીજીમહારાજને હતો તેનો સાક્ષી વડતાલનો બાર બારણાનો હિંડોળો મોજુદ છે. અડધી રાત્રે પણ ભક્તોને સુખ આપવા ભગવાન શ્રીહરિ તૈયાર થઈ જતા. જેની નોંધ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં કરી છે :

**'સંતે વિનતિ કરી હરિ પાસ, અહો નાથ અજર અવિનાશ;**
**કૃષ્ણજન્મ સમો થાય જ્યારે, ત્યારે આવી અમારે ઉતારે.**
**હિંડોળામાં ઝૂલો હરિરાય, પૂરો એવી અમારી ઈચ્છાયે;**
**સુણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધરાત.**
**જ્ઞાનબાગે આવ્યા ગિરધારી, ઝૂલ્યા હિંડોળે**
**વિશ્વવિહારી.'** (શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

ભગવાન શ્રીહરિ કેવળ હિંડોળે બિરાજીને જ પૂરું કરતા

નહીં, પણ હિંડોળે ઝૂલતાં-ઝૂલતાં ભક્તોનો ભાવ જાણી; તેઓની પૂજા અંગીકાર કરીને સૌને **મનોવાંછિત સુખ** આપતા. આ સુખને જેમણે માણ્યું અને પ્રત્યક્ષ અનુભવ્યું છે એવા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'ભક્તચિંતામણી'** ગ્રંથના ૬૯માં પ્રકરણમાં તે સુખની વાત કરતા લખે છે :

**'સંતને આપી આગન્યા, કરો પૂજા તમે પ્રીત્યશું;**
**કેસર ચંદન કુસુમમાળા, ધૂપ દીપ આરતી રીત્યશું.**
**સંત સુંદર સાજ લઈ, કરી પૂજા પરમાનંદની;**
**ચરણ ચરચિ ચંદને, છાપી છાતિ મુનિવૃંદની.**
**કૈક હાર પહેર્યા કંઠમાં, અને કૈક બાંધિયા બાંય;**
**કૈક ચરણે બાંધિયા, એમ ફૂલિ રહ્યા ફૂલમાંય.**
**હીંડોળે હાર વળગાડિયા, કૈક આરોપ્યા આંબાડાળ;**
**કૈક બાંધ્યા છડીએ, તેની કરી કાવડય દયાળ.**
**એવી અનંત લીલા કરી હરિ, જનને કરવા ધ્યાન;**
**આપી સુખ એમ અતિ ઘણું, પછી ચાલિયા ભગવાન.'**

હજારો ભક્તજનોના મનોરથો પૂરા કરીને શ્રીજીમહારાજ **અલૌકિક સુખ** હિંડોળે હિંચકતા થકા આપતા. કોઈને પણ આ પૂજનના અવસરનો લાભ લેવાનું ચૂકવા દેતા નહીં. જેની **નોંધ** સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** 'ભક્તચિંતામણી' ગ્રંથના ૭૩માં પ્રકરણમાં કરતા લખે છે :

**'રૂડો રચ્યો મળી મુનિરાજ, એવે હિંડોળે બેઠા મહારાજ;**
**મળ્યા જન ત્યાં અતિ અપાર, લઈ ઊભા છે ફૂલના હાર.**
**પણ પ્રભુને કેમ અપાય, અતિ ભિડ્ય પાસે ન જવાય;**
**તેના મનોરથ પૂરા કીધા, હાથ છડી વડ્યે હાર લીધા.'**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પૂર્વાશ્રમમાં જેમનું નામ **લાલજી સુથાર** હતું. સર્વસ્વનો ત્યાગ કરી અને શિલ્પીની આગવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી એવા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ જાણે કે વિશ્વકર્મા હોય ને શું ? તેમ તેમણે વડતાલ જ્ઞાનબાગમાં પોતાની આવડત-સૂઝ બુદ્ધિ, કાર્ય દક્ષતા અને કુશળતાએ બાર બારણાનો **અદ્‌ભુત હિંડોળો** ફૂલદોલોત્સવ પ્રસંગે તૈયાર કરી ભગવાન શ્રીહરિને હૈયાના હેતે હિંચકાવ્યા હતા. આ પ્રસંગની **નોંધ** સ્વામીએ પોતાના એક કીર્તનમાં પણ કરી છે :

**'લાગે વૈકુંઠથી રૂડું વરતાલ, હિંડોળે હરિ ઝૂલતા રે,**
**ફૂલદોલનો ઉત્સવ રસાળ, હિંડોળે હરિ ઝૂલતા રે.**
**બાર બાર બારણાનો હિંડોળો શોભતો,**
**કરી નિષ્કુળાનંદે કમાલ, હિંડોળે હરિ ઝૂલતા રે.'**

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી પણ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં શ્રીજીમહારાજની આવી **સુખદાયી લીલા**ની સ્મૃતિ કરતા લખે છે : "ચાર ઘડી દિવસ રહેતા રામદાસજીએ શ્રીહરિને હિંડોળે બેસવા કહ્યું. તેથી હરિભક્તોના જયજયકાર સાથે શ્રીહરિ હિંડોળે ઉત્તરમુખે બેઠા. વાજિંત્ર વાગવા લાગ્યાં.

વધુ આવતા અંકે ક્રમશઃ

અનુસંધાન પેજ નં.૧૧ પરનું ચાલુ


બધું મને મળ્યું છે, તે તેઓનું છે એ ભાવના જીવનમાં સાકારિત કરવાનો દિવસ. દેવશયની એકાદશી પાછળ એક બીજી પણ સમજણ વિચારવા જેવી છે.

માણસ ક્યારે સૂઈ જાય ? થાકી જાય ત્યારે, કંટાળી જાય ત્યારે. ભગવાનના માટે થાકવાનો તો સવાલ નથી આવતો, પણ જીવાત્મા એવો વ્યવહાર કરે છે કે, ભગવાન કંટાળી જતા હશે. જીવાત્માને ભગવાને આટલું બધું આપ્યું છતાં પણ જીવાત્મા તો દિવસ-રાત ભગવાન પાસે માગ્યા જ કરે છે. કોઈ માતાએ પોતાના બાળકને ઘણું બધું આપ્યું છતાં બાળક માતા પાસે આખો દિવસ માગ-માગ કરે તો માતા કંટાળી જઈને કહેશે કે, 'મારો જીવ ન ખા. મને સૂવા દે.' અને તે આડે પડખે થઈ જાય, તેમ ભગવાન જીવાત્માથી કંટાળીને તો આવો વ્યવહાર નથી કરતા ને ? તેથી અંતર્મુખ થઈ પોતાની જાતને તપાસવાનો દિવસ એટલે **અષાઢી એકાદશી.**

એવું પણ હોઈ શકે કે, જીવાત્મામાં જવાબદારીની સંભાવના કેળવાય તે દૃષ્ટિથી પણ ભગવાન કહેતા હશે કે હવે હું સૂઈ જાઉં છું. બધું બરાબર સંભાળજે. તેમ આપણે સારા મનુષ્ય થઈએ અને સૃષ્ટિમાં અમનથી રહીએ એ ભાવનાથી પણ ભગવાન જીવાત્મામાં વિશ્વાસ મૂકી સૂઈ જતા હશે..!!

ટૂંકમાં, **દેવશયની એકાદશી એટલે** બીજાનો યશ આપણા નામે ચડાવવાની બદ્દાનત ન રાખતાં તમે કાંઈ કર્યું હોય તો પણ બીજાને તેનો યશ આપવાની વૃત્તિ કેળવવાની **પ્રેરણા** લેવાનો દિવસ. અષાઢી એકાદશી એટલે આપણો અહમ્ દાટવાની **સભાનતા** કેળવવાનો દિવસ. અષાઢી એકાદશી એટલે 'જીવાત્મા સજ્જન બનીને પોતાનો જીવન વ્યવહાર કરશે' એવા પરમાત્માએ મૂકેલા વિશ્વાસને **ચરિતાર્થ** કરવાનો દિવસ. અને દેવશયની એકાદશી એટલે ભગવાન શ્રીહરિની એ કરુણાને યાદ કરતાં કરતાં જીવન વ્યવહારમાં **ઉપાસના-ભક્તિ**ના **બીજ** રોપવાનો દિવસ.

આ ચાતુર્માસપર્વનું વ્રત, તપ અને ભક્તિ મુમુક્ષુ જીવાત્માઓને આત્યંતિક કલ્યાણના માર્ગ સુધી લઈ જાય છે. તો...., આવો ! આ ચાતુર્માસના વિશેષ વ્રતો, પર્વો તેમના સંક્ષિપ્ત ઈતિહાસ-રહસ્યો સાથે આ **'ચિંતન'** અંકના **માધ્યમથી** માણીએ.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી




વડતાલ પ્રદેશના સુણાવ (જી. આણંદ)ને આંગણે યોજાયેલ ચરણારવિંદ શતાબ્દી સ્થાપના મહોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




વડતાલ પ્રદેશના સારસા (જી. ભરુચ)ને આંગણે યોજાયેલ શ્રી રામજી મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




વડતાલ પ્રદેશના ખેડાને આંગણે યોજાયેલ હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી




વડતાલ પ્રદેશના વસો (જી. આણંદ)ને આંગણે
યોજાયેલ હરિમંદિરના ૧૫૫મા પાટોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




ગઢડામાં દેવોના તથા શ્રીજીમહારાજના પ્રાસાદિક તીર્થસ્થળોના દર્શને પધારેલ પ.પૂ. અ.સૌ. માતુશ્રી (ગાદીવાળા), પ.પૂ. અ.સૌ. વહુજી મહારાજ, પૂ. બહેનશ્રી, પૂ. લાલીરાજા સાથે બંને પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી વગેરે ધર્મકુળ પરિવાર




વડતાલ પ્રદેશના પાળજ (જી. આણંદ)ને આંગણે શ્રીહરિ તીરોધાનતિથિ પ્રસંગે યોજાયેલ સંત્સગ સભામાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




વડોદરાને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ માસિક સત્સંગ સભા તથા હોમાત્મક મહાપૂજા




રાજકોટને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ૪૦૦થી વધુ હરિભક્તોના નિવાસસ્થાનોમાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની પધરામણી. (તા. ૨૨/૨૩-૬-૨૦૧૪)

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૩-૮-૨૦૧૪

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩






વડતાલ પ્રદેશના કાયાવરોહણ (જી. વડોદરા)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં આગામી શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ સત્સંગ સભા






વડતાલ પ્રદેશના દેગામ (જી. ખેડા)ને આંગણે નૂતન હરિમંદિરનું ખાતમુહૂર્તવિધિ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી






વડતાલ પ્રદેશના હૈજરાબાદ (જી. ખેડા)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા






વડતાલ પ્રદેશના કેલોદ (જી. ભરુચ)ને આંગણે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોની ધ્વજા આરોહણ કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા ધ્વજામંડળ ગ્રુપ




કારિયાણી મંદિરમાં બિરાજમાન દેવોના તથા અક્ષરઓરડીના દર્શન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી





ગઢડા પ્રદેશના લીમડાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ૧૫૦થી વધુ હરિભક્તોના નિવાસસ્થાનોમાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની પધરામણી. (તા. ૭-૭-૨૦૧૪)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથે

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૪



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસના-ભક્તિના બળ સાથે અનેક ભક્તજનો પોતાનું વતન છોડી પ્રદેશમાં સ્થાયી થયા. વૈભવના વંટોળ વચ્ચે રહીને પણ આ ભક્તજનોએ સત્સંગ-સંપ્રદાયના અમૂલ્ય વારસાનું અને મૂળભૂત સિદ્ધાંતોનું સુપેરે જતન કર્યું. અવાર-નવાર પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. બ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા સત્સંગને નવપલ્લવિત કરવા અનેક પ્રયાસો થતા રહે છે. એ જ ન્યાયે ઈષ્ટદેવ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અમેરિકામાં વસતા હરિભક્તોના આમંત્રણને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું **પોષણ** અને **બળ** આપવા માટે અમેરિકાની ધરતી પર **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતમંડળ (પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂદાસજી, પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, પૂ. સ્વામી જ્ઞાનવલ્લદાસજી, પૂ. સ્વામી નિર્દોષસ્વરૂપદાસજી, પૂ. સ્વામી મહાપુરુષદાસજી આદિક સંતો) સહિત **તા. ૨૩-૫-૨૦૧૧ થી તા. ૯-૭-૨૦૧૪** સુધી સત્સંગ પ્રચારાર્થે પધાર્યા હતા.

અમેરિકાના વિવિધ રાજ્યોના શિકાગો, ઓસ્ટીન, ડલાસ, હ્યુસ્ટન, ફલોરીડા, નોર્થ કેરોલીના, વર્જીનીયા, ન્યૂર્જસી, કનેક્ટીકટ, પેન્સિલવીલીયા આદિક અનેક વિસ્તારો તેમજ કેનેડા દેશમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની **સ્વાગત શોભાયાત્રા,** સત્સંગ સભાઓ તથા પધરામણી **પૂર્વઆયોજન પ્રમાણે** ગોઠવાયા હતા. આ સત્સંગ પરિભ્રમણની સાથે વડતાલધામ શિકાગો મંદિરનો ૨૩ વાર્ષિક પાટોત્સવ તેમજ હ્યુસ્ટનને આંગણે નૂતન મંદિરના ઉપલક્ષમાં હરિસ્મૃતિ કથા પારાયણ, વર્જીનીયાને નૂતન હરિમંદિરના પરિસરમાં શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ, ન્યૂજર્સીને આંગણે શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ અને સ્ક્રેન્ટન ખાતે તૈયાર થયેલ નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સાનિધ્યમાં ધામધૂમપૂર્વક અતિ ભવ્યતાથી ઉજવવામાં આવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ખૂબજ વિશાળ સંખ્યામાં **ભાવિક ભક્તો** પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-અમૃતવાણીનો અનેરો દિવ્ય લાભ લેવા ઉમટતા અને **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના **અપરસ્વરૂપના દર્શન** કરી **ધન્યતા** અનુભવતા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આ સત્સંગ યાત્રા દરમ્યાન ધર્મકુળ આશ્રિત ઈન્ટરનેશનલ **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ**ના નિષ્ઠાવાન અને **ઉત્સાહી યુવાનો** સાથે રહીને ખૂબજ સેવા કરીને આ યાત્રાને દિપાવી હતી.

# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૪ તસ્વીર દર્શન




ટેક્સાસ રાજ્યના ડલાસને આંગણે પ.ભ. શ્રી અજયભાઈ સોનીના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૭-૫-૨૦૧૪)




ટેક્સાસ રાજ્યના ઓસ્ટીનને આંગણે પ.ભ. શ્રી જીગ્નેશભાઈના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૮-૫-૨૦૧૪)




ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટનને આંગણે હરિભક્તોના નિવાસસ્થાને પધરામણીમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો (તા. ૧-૬-૨૦૧૪)




ફ્લોરીડા રાજ્યના મેલબોર્ન ખાતે હિંદુ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨-૬-૨૦૧૪)

# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૪ તસ્વીર દર્શન

**Ocala FL**



ફ્લોરીડા રાજ્યના ઓકાલા ખાતે હરિભક્તોના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૩-૬-૨૦૧૪)

**Charlotte NC**



નોર્થ કેરોલી રાજ્યના ચાર્લોટ ખાતે પ.પ. હરેશભાઈ કોયાણી નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૫-૬-૨૦૧૪)

**Richmond VA**



વર્જીનીયા રાજ્યના રીચમુંડ શહેરને આંગણે હરિભક્તોના નિવાસસ્થાને પધરામણીમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૬ થી ૮-૬-૨૦૧૪)

**North NJ**



ન્યૂજર્સીના રાજ્યના નટલી શહેરખાતે પ.ભ. શ્રી પુષ્પકાંતભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૦-૬-૨૦૧૪)

# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૪ તસ્વીર દર્શન






કનેકટીકટ રાજ્યના નોવોક શહેરને આંગણે પ.ભ. શ્રી રાજેશભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા. ૧૧-૬-૨૦૧૪)






ન્યૂજર્સી રાજ્યના એટલાન્ટીક શહેરને આંગણે પ.ભ. શ્રી વાસુદેવભાઈ દવેના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૨-૬-૨૦૧૪)






ન્યૂજર્સી ખાતે હરિભક્તોના નિવાસસ્થાને પધરામણીમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો (તા. ૧૪-૬-૨૦૧૪)






પેન્સીવેલીયા રાજ્યના ફીલાડેલફિયા ખાતે પ.ભ. શ્રી જગદીશભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૭-૬-૨૦૧૪)

# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૪ તસ્વીર દર્શન




પેન્સીવેલીયા રાજ્યના સ્ક્રેન્ટન ખાતે હરિભક્તોના નિવાસસ્થાને પધરામણીમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો (તા. ૧૮ થી ૨૨-૬-૨૦૧૪)




પેન્સીવેલીયા રાજ્યના હોલીડેબર્ગ શહેરને આંગણે પ.ભ. ડો. શ્રી કિશોરભાઈ કાકડીયાના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ પૂ. સંતો. (તા. ૨૩-૬-૨૦૧૪)





ઓહોયો રાજ્યના ક્લીવલેન્ડ શહેરને આંગણે પ.ભ. શ્રી સાધુરામભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૪-૬-૨૦૧૪)





મીસીગન રાજ્યના ડીટ્રોઈટ ખાતે પ.ભ. શ્રી પીનાકીનભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૬-૬-૨૦૧૪)

# CANADA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૪ તસ્વીર દર્શન



















# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૪ તસ્વીર દર્શન











॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## નૂતન નવલા વર્ષમાં દેવભૂમિ-તપોભૂમિ હરિદ્વારને આંગણે વિશાળ ફલક પર...

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
## ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે




ઉત્તરાખંડ રાજ્યમાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ એટલે હરિદ્વાર. અહીંથી જ બદ્રિનાથ, કેદારનાથ, યમનોત્રી અને ગંગોત્રી જવાનો માર્ગ હોય, તેથી આ ધામનું પણ મહત્ત્વ ઘણું છે. આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નીલકંઠવર્ણી વેશે તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં પધાર્યા હતા અને આ સ્થાનમાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમશિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવા આ મહાન પ્રસાદીના તીર્થસ્થાનમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, નૂતન નવલા દિવસોમાં દેવભૂમિ-તપોભૂમિ**હરિદ્વાર**ને આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના હૃદયગત સિદ્ધાંતને વરેલા અને સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'** પ્રસંગે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬ થી તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫ સુધી 'શ્રી હરિદ્વાર મહોત્સવ'**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ અતિ ભવ્ય મહોત્સવ પ્રસંગે કથાશ્રવણ સાથે તીર્થદર્શન, અભિષેક દર્શન, અન્નકુટ દર્શન, ધર્મકુળ દર્શન તથા આર્શીવચન તથા પૂ. સંતોના દર્શન તથા આશિષનો દુર્લભ લાભ લેવા આપ સહુને કુટુંબીજનો અને મિત્રમંડળ સહિત પધારવા પુનઃ ભાવભર્યું સસ્નેહ હાર્દિક નિમંત્રણ છે. તો જરૂરાજરૂર પધારશોજી.

**અન્ય સૂચના :-** આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમ વસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી.

**આયોજક-નિમંત્રક :- ભંડેરી ઈમ્પેક્ષ - સુરત**

મગનભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભંડેરી, નિલેશભાઈ કોઠીયા, પ્રવિણભાઈ લાખાણી, શંભુભાઈ મોરડીયા

**મહોત્સવનું પ્રસારણ લક્ષ્ય ચેનલ પર online : www.lakshyatv.com**

## ॥ મહોત્સવમાં આવવા માટેની વ્યવસ્થા ॥



**વિમાન વ્યવસ્થા :-**

મુંબઈ અને દિલ્હીથી દેહરાદુન તેમજ અમદાવાદ, વડોદરા અને સુરતથી દિલ્હી સુધી વિમાનની વ્યવસ્થા ઉપલબ્ધ (દેહરાદુનથી હરિદ્વાર ૬૦ કિ.મી.)



**ટ્રેન વ્યવસ્થા :-**

મુંબઈ, સુરત, અમદાવાદ અને રાજકોટથી હરિદ્વાર તેમજ દિલ્હી સુધીની ટ્રેનો ઉપલબ્ધ.... સરકારના નિયમમુજબ ટીકીટ બુકીંગ બે મહિના અગાઉ કરાવવાની રહેશે. (દિલ્હીથી હરિદ્વાર ૧૫૦ કિ.મી.)

**હરિદ્વાર મહોત્સવ પ્રસંગે....**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત**

**ઉત્તરભારતની બારમી**

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**તારીખ :- ૨૭-૧૦-૨૦૧૪ થી ૧૩-૧૧-૨૦૧૪**

**કુલ દિવસ :- ૧૮ ટીકીટ દર :- ૧૨,૮૦૦**

(ટીકીટ બુકીંગ સમયે રૂા. ૫,૦૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમટીકીટ દીઠ રૂા. ૭,૮૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.)

## દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :

હરિદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, કાશી, અલ્હાબાદ, મથુરા, વૃંદાવન, ગોકુળ

**ખાસનોંધ :-** તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ **રાજકોટ**થી ઉપડશે માટે **હરિદ્વાર** સુધીની યાત્રા દરમ્યાન યાત્રિકે પોતાની રીતે જમવાનું સાથે લાવવાનું રહેશે. તેમજ તીર્થસ્થાનોના દર્શન કરીને ટ્રેનયાત્રાનું **અંતિમ** વિરામસ્થાન **રેલ્વે સ્ટેશન-રાજકોટ** રાખવામાં આવ્યું છે, તેથી યાત્રિકોએ ત્યાંથી પોતાની રીતે પોતપોતાના મુકામસુધી પહોંચવાનું રહેશે.

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી) ૯૪૦૯૪૯૦૮૯૦ (મહેતાજી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨ (પૂ. પ્રેમસ્વામી). **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ (કો. પા. સાગર ભગત). **શ્રી સ્વા. મંદિર - ભાવનગર.** મો. ૯૮૯૮૦૨૫૨૫૧ (કો. પા. મેહુલ ભગત), ૯૪૨૬૩૧૪૩૬૮ (અમરશીદાદા). **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬. **મહેશભાઈ - નાગકડા.** મો. ૯૪૨૬૭૧૩૦૧૩. **જગદીશભાઈ - ભરુચ.** મો. ૯૪૨૯૪૨૭૧૦૦. **દુર્લભજીભાઈ - જેતપુર.** મો. ૯૩૨૭૬૦૧૦૦૮. **નિલેશભાઈ - અમરેલી.** મો. ૯૪૨૭૨૩૦૬૨૦.

**હરિદ્વાર ઉતારા વિષે માહિતી :-**

હરિદ્વારને આંગણે ઉજવાતા વિશાળકાય મહોત્સવમાં લાભ લેનાર પોતાની રીતે વિમાન યા ટ્રેન કે અન્ય રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા ભક્તજનો માટે જમવાની તથા **ઉતારા**ની વ્યવસ્થા મહોત્સવ સ્થળ ઉપર **ટેન્ટહાઉસ**માં કરવામાં આવશે. પરંતુ યાત્રિક પોતાની રીતે ધર્મશાળા યા હોટલમાં પોતાના ખર્ચે રહા શકશે. મહોત્સવમાં આવનાર તમામભક્તોએ સરધાર મંદિરે પોતાનું નામ-સરનામાની વિગત સાથે આઈ કાર્ડની ઝેરોક્ષકોપી ફરજીઆત મોકલવાની રહેશે.

**અન્ય સૂચના :-**

આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમવસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી.

શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી સરધાર ૨૦૧૪

**સરધારધામને આંગણે તા. ૨૦ થી ૨૬-૧૦-૨૦૧૪ સુધી ઓગણીસમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'નું આયોજન કરવામાં આવેલ છે.**





શ્રીમદ્ સત્સંગિજીવન કથા
વર્જીનીયા-અમેરિકા





અમેરિકાના વર્જીનીયા રાજ્યના રીચમંડ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર પરિસરમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ
'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૬ થી ૮-૬-૨૦૧૪)






શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા
ન્યૂજર્સી-અમેરિકા





ન્યૂજર્સીને આંગણે નૂતન હરિમંદિરના ઉપક્રમે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ' (તા. ૧૩ થી ૧૫-૬-૨૦૧૪)














શિકાગો-અમેરિકાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર-વ્હીલીંગનો '૨૩મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૨૪ થી ૨૫-૫-૨૦૧૪)














ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન શહેરને આંગણે નૂતન હરિમંદિરના ઉપક્રમે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીહરિ સ્મૃતિ કથા પારાયણ' (તા. ૩૦ થી ૧-૬-૨૦૧૪)




શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે સેંકડો નિષ્ઠાવાન હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૪


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ ગાદીના ભાવિઆચાર્ય
પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથે

# વિદેશ સત્સંગ પરિભ્રમણ

## લંડન (UK)

તારીખ :- ૨૫ જુલાઈ થી ૫ ઓગષ્ટ - ૨૦૧૪
સંપર્ક :- હેંમતભાઈ સોની - મો. ૦૦૪૪૭૪૬૬૮૨૦૧૦૮

## દુબઈ (UAE)

તારીખ :- ૬ થી ૯ ઓગષ્ટ - ૨૦૧૪
સંપર્ક :- કિશોરભાઈ સાપરીયા - મો. 00971507362082

Swaminarayan Chintan, July - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014




વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં શ્રી રઘુવીરવાડી ખાતે સેંકડો નિષ્ઠાવાન હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા બંને પૂ. બાળલાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૪

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007